RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક


E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 218* Date: 29.05.2023, Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

મોદી ગાંધીજીને નમન કરીને હવનમાં બેઠા,નવી સંસદને સંબોધન કર્યું

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હવન અને મંત્રોચ્ચાર સાથે નવી સંસદનું ઉદ્‌ઘાટન અને સેંગોલની સ્થાપના કરી



(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હવન અને મંત્રોચ્ચાર સાથે નવી સંસદનું ઉદ્‌ઘાટન કર્યું છે. પૂજા બાદ તમિલનાડુના મઠોના અધનમે પીએમ મોદીને સેંગોલ સોંપ્યું હતું. વડાપ્રધાને સેંગોલને પ્રણામ કર્યા પછી સંસદમાં સ્પીકરની ખુરશીની બાજુમાં સ્થાપિત કર્યું હતું. આ દરમિયાન તેમની સાથે સ્પીકર ઓમ બિરલા હાજર રહ્યા હતા. સેંગોલ સ્થાપન પછી, પીએમ મોદીએ સંસદના નિર્માણમાં સામેલ શ્રમ યોગીઓનું સન્માન કર્યું. આ પછી સર્વધર્મ સભા યોજાઈ હતી.સર્વધર્મ સભામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તમામ કેબિનેટ મંત્રીઓ અને અન્ય રાજ્યોના સીએમ સહિત ઘણા પ્રતિષ્જિત લોકો હાજર છે. આ સર્વધર્મ સભામાં બૌદ્ધો, જૈન, પારસી, શીખ સહિત અનેક ધર્મોના ધાર્મિક નેતાઓએ પ્રાર્થના કરી હતી.

મોદી સવારે ૭:૩૦ વાગ્યે સંસદ પહોંચ્યા અને પહેલા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને નમન કર્યા અને પછી પૂજામાં સામેલ થયા હતા. હવન-પૂજન અને સેંગોલની સ્થાપના બાદ વડાપ્રધાન મોદી ટ્વીટ કર્યું - આજનો દિવસ આપણા બધા દેશવાસીઓ માટે અવિસ્મરણીય દિવસ છે. સંસદનું નવું બિલ્ડીંગ આપણને સૌને ગર્વ અને આશાઓથી ભરી દેશે. ઉદઘાટન પહેલાં વડાપ્રધાને દરેકને સંસદ ભવનનાં વીડિયો માટે વૉઈસ ઓવર આપવા અપીલ કરી હતી. આ પછી શાહરૂખ ખાન, અક્ષય કુમાર અને અનુપમ ખેર જેવી હસ્તીઓએ આ વીડિયોમાં પોતાનો અવાજ આપ્યો. જણાવી દઈએ કે ૨૦ વિપક્ષી પાર્ટીઓએ સંસદના ઉદઘાટનનો બહિષ્કાર કર્યો છે.

નવી સંસદમાં તમિલનાડુનો ઐતિહાસિક રાજદંડ (સેંગોલ) લોકસભાના અધ્યક્ષની બેઠક પાસે સ્થાપિત કરવામાં આવ્યો છે અને તે ચાંદી અને સોનાનો બનેલો છે. સત્તાના હસ્તાંતરણના પ્રતીક તરીકે ઓગસ્ટ ૧૯૪૭માં પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુને આપવામાં આવેલો આ રાજદંડ અલ્હાબાદ મ્યુઝિયમની નેહરુ ગેલેરીમાં રાખવામાં આવ્યો હતો. નવી સંસદ ભવનનાં ઉદ્‌ઘાટન પ્રસંગે સરકાર ૭૫ રૂપિયાનો સ્મારક સિક્કો પણ બહાર પાડયો હતો

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ, નવા સંસદ ભવન ખાતે સંબોધન કરતા કહ્યું કે, ભારતની જવાબદારી બહુ મોટી છે. સફળતાની પહેલી શરત સફળ થવાનો વિશ્વાસ છે. નેશન ફર્સ્ટની ભાવનાથી આગળ વધવુ પડશે ૨૫ વર્ષ બાદ આઝાદીના ૧૦૦ વર્ષ પૂરા થશે. આ ૨૫ વર્ષમાં ભારતને વિકસીત રાષ્ટ્ર બનાવવું છે. લક્ષ્ય મોટુ છે. કઠીન પણ છે. પણ દરેક દેશવાસીઓએ નવો સંકલ્પ કરવાનો છે. વડાપ્રધાને સંબોધનમાં વધુ જણાવ્યું કે, ૩૦ હજાર નવા પંચાયત ભવન બન્યા છે. પંચાયતથી સંસદ સુધી અમારી નિષ્ઠા એક છે. દેશનો વિકાસ, દેશના લોકોનો વિકાસ રહ્યો છે. ૧૫ ઓગસ્ટે મે લાલકિલ્લા પરથી કહ્યું હતુ. આ સમય છે સાચો સમય છે. દરેક દેશમાં એક એવો સમય આવે છે કે નવી ચેતના પ્રગટે છે.વડાપ્રધાને કહ્યું કે આપણું બંધારણ જ આપણો સંકલ્પ છે, આ સંસદ દેશનુ પ્રતિનિધિત્વ કરે છે. જે રોકાઈ જાય છે તેનુ ભાગ્ય પણ રોકાઈ જાય છે. જે ચાલતો જાય છે તેનુ ભાગ્ય પણ ચાલતુ રહે છે. ગુલામી બાદ બહુ બધુ ગુમાવીને આપણે યાત્રા શરુ કરી હતી. અનેક ઉતાર ચડાવ બાદ, કસોટી બાદ આઝાદીના અમૃતકાળમાં પ્રવેશ્યા છીએ. ભારતના ભવિષ્યને ઉજ્જવળ બનાવનાર કાર્યસ્થળને પણ નવુ અને આધુનિક હોવુ જોઈએ. દુનિયાના સૌથી સમૃદ્ધ અને વૈભવશાળી રાષ્ટ્રોમાં ભારતની ગણના થાય છે. મંદિર, વાસ્તુ વગેરે દેશની વિશેષજ્ઞા છે. સેંકડો વર્ષની ગુલામીએ આપણું ગૌરવ છીનવી લીધુ હતુ. ભારત આજે ગુલામીની વિચારણસરણીને પાછળ છોડી રહ્યું છે. વડાપ્રધાન મોદીએ સંબોધન કરતા કહ્યું કે, સંસદની નવી ઈમારત આપણા પ્રયાસનું જીવંત ઉદાહરણ બન્યુ છે. નવી સંસદ દરેક ભારતીયના ગર્વની વાત છે. લોકસભાનો આંતરીક ભાગ મોર આધારિત છે. રાજ્યસભાનો આંતરીક ભાગ કમળ આધારિત છે. સંસદનું પ્રાગણમાં વડ પણ છે.

ત્રિકોણાકાર આકારના ચાર માળના સંસદ ભવનનો બિલ્ટ-અપ એરિયા ૬૪,૫૦૦ ચોરસ મીટર છે. નવી સંસદમાં લોકસભામાં ૮૮૮ અને રાજ્યસભામાં ૩૮૪ સભ્યો માટે બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે. જયારે સંયુક્ત સત્ર માટે લોકસભા સભાખંડમાં ૧,૨૭૨ સભ્યો બેસી શકે છે. સંસદની હાલની ઈમારત ૯૬ વર્ષ જૂની છે. જેનું બાંધકામ ૧૯૨૭માં પૂર્ણ થયું હતું. ઉદ્‌ઘાટન પહેલા લુંટીયન્સ દિલ્હીમાં સુરક્ષા વધારી દેવામાં આવી હતી પોલીસે પહેલેથી જ એક ટ્રાફિક એડવાઇઝરી જાહેર કરી હતી જેમાં કહેવામાં આવ્યું હતુ કે નવી દિલ્હી જિલ્લાને ઉદ્ઘાટનના સમયગાળા માટે કન્ટેનમેન્ટ ઝોન તરીકે ગણવામાં આવશે અને વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો નવી સંસદ ભવન ઉચ્ચ સુરક્ષાવાળા વિસ્તારમાં સ્થિત છે. પોલીસે કહ્યુ કે વધારાના સુરક્ષા કર્મચારીઓની તૈનાતી ઉપરાંત સીસીટીવી કેમેરા દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી હતી.

જુનાગઢની ગુમ યુવતીનો ભેદ ઉકેલાયો

# પરિણીત પ્રેમીએ છૂટકારો મેળવવા પ્રેમિકાની કરી હતી હત્યા, ૮ની ધરપકડ

અમદાવાદઃ અમદાવાદની પાલડી પોલીસે એક ૨૨ વર્ષીય યુવતીની તેના પ્રેમી દ્વારા રચવામાં આવેલી ભયાનક હત્યાનો પર્દાફાશ કર્યો છે. પાલડી પોલીસે આ હત્યાના કેસમાં આઠ જેટલાં આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓમાં એક આરોપીની ૪૬ વર્ષીય માતાનો પણ સમાવેશ થાય છે. આરોપીઓએ યુવતીને માત્ર સળગાવીને મારી નાખી નહોતી, પરંતુ તેના પરિવાર કે પોલીસ તરફથી તેઓ શંકામાં ન ઘેરાય એની ખાતરી કરવા માટે તમામ સંભવિત પ્રયાસો પણ કર્યા હતા. ત્યારે પોલીસે આ મામલે આગળની કાર્યવાહી હાથ ધરી છે.પીડિતા ધારા કડીવરને ગયા વર્ષે ૧૯ જૂનના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા પાસે નોલી ગામમાં તેના પ્રેમી સુરજ સોલંકી, તેના નાના ભાઈ યુવરાજ અને તેના કાકા મુકેશ દ્વારા ખેતરમાં સળગાવી દેવામાં આવી હતી. આ ગુનામાં સુરજને અમદાવાદમાં ફૂડ સ્ટોલ ચલાવતા મિત્ર મિત શાહ, તેના ભાઈ જુગલ અને તેની માતા મોનાએ મદદ કરી હતી. મહત્વનું છે કે, આરોપી સુરજ વિદ્યાર્થીઓની હોસ્ટેલ ચલાવે છે અને ધારા સાથેના સંબંધમાં ખટાશ ઉભી થતા તેણે તેને રસ્તામાંથી હટાવી દેવાનો નિર્ણય લીધો હતો. તેણીએ તેને છોડી દેવાના બદલામાં રુપિયા ૩૦ લાખની ઓફર સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. ધારા અને સુરજ ૨૦૨૧માં સોશિયલ મીડિયા પર મળ્યા હતા અને પછી પ્રેમમાં પડ્યા હતા. એ સમયે ધારા નહોતી જાણતી કે સુરજ પરિણીત છે અને તેને બે બાળકો પણ છે.એ પછી તેઓ જૂનાગઢમાં લિવ ઈન રિલેશનમાં રહેવા લાગ્યા હતા. ધારાને મોંઘા દાગીના, કપડાં અને ગેજેટ્સનો શોખ હતો અને તે ઘણીવાર સુરજ પાસે રુપિયા માગતી હતી. જયારે સુરજે રુપિયા આપવાનો ઈનકાર કર્યો તો ધારા તેને સખત પગલાં લેવાની ધમકી આપતી હતી. એક વાર તો ધારાએ તેનું કાંડુ પણ કાપી નાખ્યું હતું. સુરજ તેના વર્તનથી કંટાળી ગયો હતો, એવું ઝોન ૭ના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ ભગીરથ સિંહ જાડેજાએ જણાવ્યું હતું.ફેબ્રુઆરી, ૨૦૨૨માં ધારાને જાણવા મળ્યું કે, સુરજ પરિણીત છે. એ પછી ધારાએ સુરજ અને તેના મિત્ર મિત જોશી વિરુદ્ધ બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી. જો કે, કેટલાંક દિવસો બાદ તેણે પોતાનો વિચાર બદલી નાખ્યો હતો અને ફરીથી બંને સાથે રહેવા લાગ્યા હતા. સુરજે ગુજરાત હાઈકોર્ટમાં બળાત્કારની એફઆરઆઈ રદ કરવા માટે અપીલ પણ કરી હતી. બાદમાં જેમ જેમ દિવસો પસાર થતા ગયા તેમ તેમ બંને વચ્ચે અવારનવાર ઝઘડાઓ થવા લાગ્યા અને સુરજે તેનો કાંટો દૂર કરવાનું નક્કી કરી લીધું. એ પછી સુરજે તેના મળતિયાઓ સાથે મળીને ધારાની હત્યા કરી હતી. ત્યારે પોલીસે આ કેસમાં ૮ જેટલાં આરોપીઓની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

૨૬ લાખથી વધુની ટિકિટો જપ્ત કરી ૭૧ની ધરપકડ

# વેસ્ટર્ન રેલવેની આરપીએફ ટીમ દ્વારા ગેરકાયદે કમિશન વસૂલતા લોકો સામે કાર્યવાહી

(એ.આર.એલ),અમદાવાદ,તા.૨૮

પશ્ચિમ રેલ્વે વેઈટિંગ લિસ્ટ ટિકિટ ધરાવતા મુસાફરો પાસેથી વધુ પડતું ગેરકાયદે કમિશન વસૂલતા ટાઉટ્સ સામે ખાસ ડ્રાઈવ અને દરોડા પાડી રહી છે. મે, ૨૦૨૩માં, પીઆરએસ તરફથી જારી કરાયેલી ટ્રાવેલ ટિકિટ અને ઈ-ટિકિટ સાથે સંકળાયેલા ૬૩ કેસ નોંધાયા હતા અને રૂ.૨૬,૬૧,૩૧૦ની કિંમતની ટિકિટો જપ્ત કરીને ૭૧ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી.

પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી સુમિત ઠાકુરના જણાવ્યા મુજબ. મુંબઈ ડિવિઝનના આરપીએફ ની વિન્ડો ટિકિટો અને ઈ-ટિકિટની ટાઈટીંગ સામેની વિશેષ ઝુંબેશમાં, અંધેરી સ્ટેશન (સાકી નાકા વિસ્તાર) પર એક ટાઉટની ધરપકડ કરવામાં આવશે. ) ૧૫ મે, ૨૦૨૩ ના રોજ. ) ૧૪ વિન્ડો ટિકિટો સાથે. પશ્ચિમ રેલવેના આરપીએફને સાકી નાકા વિસ્તારમાં ટ્રેનની ટિકિટના ગેરકાયદે વેચાણ અંગે માહિતી મળી હતી. તદનુસાર, ગુનેગારોને પકડવા માટે આરપીએફ અને તકેદારી વિભાગની સંયુક્ત ટીમ બનાવવામાં આવી હતી.

ટીમે અલીમ ખાન નામના વ્યક્તિને ૧,૦૩,૯૮૫ રૂપિયાની કુલ ૧૪ વિન્ડો ટિકિટ સાથે પકડી પાડ્યો હતો. આની સામે ૧૬ મે, ૨૦૨૩ના રોજ આરપીએફ પોસ્ટ, અંધેરીમાં કેસ નોંધવામાં આવ્યો હતો. પૂછપરછમાં, અલીમ ખાને ખુલાસો કર્યો કે તે સાકી નાકાના રહેવાસી અફઝલ નફીસ ખાન સાથે મળીને આ ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતો હતો અને સિક્કિમ, આસામ, ઉત્તર પ્રદેશ અને પંજાબ રાજયોમાં દૂરના પીઆરએસ કાઉન્ટર પરથી ટિકિટ બુક કરવામાં આવતી હતી. તેની પાસેથી મળેલી માહિતીના આધારે અફઝલ નફીસ ખાનની ૨૨ મે ૨૦૨૩ના રોજ ધરપકડ કરવામાં આવી હતી.

સુમિત ઠાકુરે જણાવ્યું હતું કે તપાસ દરમિયાન અફઝલ નફીસ ખાને માહિતી આપી હતી કે તે ગ્રાફિક ડિઝાઈન સોફટવેર દ્વારા રેલ્વે ટિકિટ પર છપાયેલા કોડને છુપાવીને નકલી ટિકિટો બનાવતો હતો. તેણે એક ડેમો પણ આપ્યો છે કે તે આ રીતે આ ટિકિટો કેવી રીતે પ્રિન્ટ કરી રહ્યો હતો. આરપીએફ, અંધેરીએ આ બાબતની જાણ સિટી પોલીસને કરી, જેના આધારે તેની સામે કેસ નોંધવામાં આવ્યો.

આગળની કાર્યવાહીમાં આ કેસમાં વધુ બે વ્યક્તિઓ રાશિદ ખાન અને અનવર શાહની પણ ધરપકડ કરવામાં આવી હતી. આ ઉપરાંત ૧,૨૫,૧૭૦ રૂપિયાની ૩૭ લાઇવ ટ્રાવેલ કમ રિઝર્વેશન ટિકિટ, ૫,૬૧,૦૯૫ રૂપિયાની ૧૯૧ ઈ-ટિકિટ, રૂપિયા ૨૧,૨૫૦ રોકડા, ૨ લેપટોપ અને ૧ પ્રિન્ટર પણ જપ્ત કરવામાં આવ્યા હતા. આ મામલે આરપીએફ અને શહેર પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

## અંબાજી ખાતે બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રી શક્તિપીઠ અંબાજી અને ગબ્બરના દર્શન કર્યા , મોટી સંખ્યામાં ભક્તો દર્શન માટે પહોંચ્યા



દેશના ૫૧ શક્તિપીઠમાં અંબાજી આદ્ય શક્તિપીઠ તરીકે ઓળખાય છે. શક્તિ,ભક્તિ અને આસ્થાનો ત્રિવેણી સંગમ એટલે જગવિખ્યાત યાત્રાધામ અંબાજી ગુજરાત અને રાજસ્થાનની સરહદ ઉપર આવેલું છે. અંબાજી ખાતે વર્ષ દરમિયાન મોટી સંખ્યામાં ભક્તો દર્શન કરવા આવે છે. અંબાજી મંદિરમાં મોટી સંખ્યામાં ભક્તો દર્શન કરવા આવે છે ત્યારે અંબાજી મંદિરમાં વીઆઈપી લોકો પણ દર્શન કરવા આવતા હોય છે ત્યારે ૨૮ મે ના રોજ સવારે અમદાવાદ થી હેલિકોપ્ટર દ્વારા બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રી દાંતા સુધી આવ્યા હતા, ત્યારબાદ દાંતા હેલીપેડ ખાતે તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેઓ મોટર માર્ગે અંબાજી આવ્યા હતા ઈસ્કોન ગ્રુપના પ્રવીણ કોટક સાથે તેઓ અંબાજી મંદિરમાં આવ્યા હતા અંબાજી મંદિર ખાતે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું ત્યારબાદ અંબાજી મંદિરના ગર્ભગૃહમાં બપોરની આરતી નો લાભ લીધો હતો અને ત્યારબાદ તેમને અંબાજી મંદિરમાં વિશેષ પૂજા અર્ચન કરી હતી. અંબાજી મંદિરના ભટ્ટજી મહારાજ દ્વારા તેમને વિશેષ પૂજા કરાવવામાં આવી હતી. ઈસ્કોન ગ્રુપના પ્રવીણભાઈ કોટક સાથે ધીરેન્દ્ર શાસ્ત્રી પ્રથમ વખત અંબાજી યાત્રાધામ ખાતે આવ્યા હતા.અંબાજીની મુલાકાતે આવેલા બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રી અંબાજી મંદિરમાં પૂજા અર્ચના અને દર્શન કર્યા બાદ તેઓ માતાજીની ગાદી પર જઈને ભટ્ટજી મહારાજના આશીર્વાદ લીધા હતા અને રક્ષા કવચ બંધાવ્યું હતું ત્યારબાદ અંબાજી મંદિરના શિખર ઉપર ધજા પણ ચઢાવી હતી ત્યારબાદ તેઓ ગબ્બર ખાતે પણ માતાજીના દર્શન કરવા ગયા હતા અને ગબ્બર ખાતે પણ તેમને માતાજીની પૂજા અર્ચના કરી હતી અંબાજી મંદિરમાં તેમને માતાજીની પૂજા અર્ચના કરી ત્યારે મોટી સંખ્યામાં ભીડ જોવા મળી હતી અંબાજી મંદિરના ગર્ભગૃહમાં ધીરેન્દ્ર શાસ્ત્રી દ્વારા ૨૦૦૦ રૂપિયાની નોટ પણ માતાજીને ભેટ સ્વરૂપે ચઢાવી હતી આજે અંબાજી ખાતે મોટી સંખ્યામાં ભીડ જોવા મળી હતી. દાંતા થી અંબાજી અને ગબ્બર અને ઈસ્કોન તરફના માર્ગ પર પોલીસ દ્વારા બેરીકેટ પણ મૂકવામાં આવ્યા હતા અને ભારે ભીડ તેમને જોવા માટે પણ આવી હતી. મિડીયા સાથેની વાતચીતમાં તેમણે માં અંબા અને હનુમાનને યાદ પણ કર્યા હતા અને ગુજરાતના લોકોને પાગલ કહેવા ઉપર તેમને જવાબ પણ આપ્યો હતો. અંબાજી મંદિરના વહીવટદાર દ્વારા તેમને માતાજીની છબી પણ ભેટ સ્વરૂપે અપાઈ હતી. અંબાજીની વાત કરવામાં આવે તો સમગ્ર અંબાજીમાં મોટી સંખ્યામાં ભક્તો ધીરેન્દ્ર શાસ્ત્રીના દર્શન કરવા માટે જોવા મળ્યા હતા.

## છેલ્લાં ૫ વર્ષમાં ગુજરાતમાં ૨૫૫ શ્રમિકોનાં મોત

(એ.આર.એલ),અમદાવાદ,તા.૨૮

દેશમાં છેલ્લા ૫ વર્ષમાં ૨૨૭૪ વ્યક્તિઓએ કન્ટ્રક્શન સાઈટ પર કામ કરતાં મોતને ભેટી ચૂક્યા છે. જે પૈકી ગુજરાતમાં ૨૫૫ વ્યક્તિઓના મોત થઇ ચૂક્યા છે. દેશના કુલ મોત સામે ૧૧.૨૧% મોત સાથે ગુજરાતમાં સૌથી વધુ મોત થયા છે. રાજ્યમાં ૨૦૧૬-૧૭ માં ૩૬, ૨૦૧૭-૧૮ માં ૪૨, ૨૦૧૮-૧૯ માં ૫૬, ૨૦૧૯-૨૦ માં ૭૪ અને ૨૦૨૦-૨૧ માં ૪૭ વ્યક્તિઓના મોત થયા છે.

બીજી બાજુ, છેલ્લા ૫ વર્ષમાં ગટર અને ટાંકાની સફાઇ દરમિયાન મોતને ભેટી ચૂકેલા દેશના ૩૫૨ વ્યક્તિ પૈકી ૨૮ વ્યક્તિઓ ગુજરાતના છે. ગટર અને ટાંકાની સફાઈમાં મોતમાં ગુજરાત દેશમાં છઠ્ઠા ક્રમે છે. આ ઉપરાંત છેલ્લા ૫ વર્ષમાં ગુજરાતમાં ફેક્ટરીઓમાં કામ કરતાં ૪૬૭૨ વ્યક્તિઓને સામાન્ય ઈજાઓ અને ૧૧૯૨ વ્યક્તિઓને જીવલેણ ઈજાગ્રસ્ત થઇ ચૂક્યા છે.

## શિક્ષણ એ સિંહણના દૂધ જેવું છે જે પીવે તે ક્યારેય ગરજ્યા વગર રહેતું નથી! : અમિત ઠાકર



સંસ્કાર અને શિક્ષણ એજ આવતીકાલને ઉજવળ કરવાનો માર્ગ છે. એમાં પણ 'દિકરીઓ શિક્ષિત હોય તો સમાજ પ્રશિક્ષિત બને' હંસકીર્તીસૂરીશ્વરજી મહારાજાના દિવ્ય આશીર્વાદ પ્રાપ્ત થયા તેમની ઉપસ્થિતિમાં તપોવન ગર્લ્સ સ્કૂલના ભૂમિપૂજન કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યો. સાથે કર્ણાવતી મહાનગરના પ્રમુખ તથા એલિસબ્રિજના ધારાસભ્ય શ્રી Amit Shah ઉપસ્થિત રહ્યા.

## ગુજરાતમાં ૧૦૦ ગીગાવોટ રિન્યુએબલ એનર્જી ઉત્પન્ન કરશે : સીએમ ભૂપેન્દ્ર પટેલ

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૨૮

ગુજરાત સરકાર ગ્રીન હાઈડ્રોજન મિશન અંતર્ગત ૧૦૦ ગીગાવોટ રિન્યુએબલ એનર્જીનું ઉત્પાદન કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. આ માહિતી ગુજરાતના સીએમ ભૂપેન્દ્ર પટેલે નીતિ આયોગ ગવર્નિંગ કાઉન્સિલની બેઠક આપી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાજ્ય રિન્યુએબલ એનર્જી સાથે ગ્રીન ગ્રોથ હાંસલ કરવા માટે પ્રતિબદ્ધ છે. સીએમ ભૂપેન્દ્ર પટેલ કહ્યું "ગુજરાતની રિન્યુએબલ એનર્જી ક્ષમતા ૨૦ ગીગાવોટ (જીડબલ્યુ) સુધી પહોંચી ગઈ છે. તે ભારતની કુલ રિન્યુએબલ એનર્જી ક્ષમતાના ૧૫ ટકા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને અનુરૂપ ગુજરાતે ગ્રીન હાઈડ્રોજન મિશન હેઠળ ૧૦૦ ગીગાવોટ રિન્યુએબલ એનર્જી ઉત્પન્ન કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે "

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે પીએમ ગતિ શક્તિના સંકલિત પોર્ટલમાં કેન્દ્ર અને રાજ્યના ડેટા સ્તરોને એકીકૃત કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે. જેના લીધે આયોજનની ગતિ વધી છે કારણ કે હવે પ્રોજેક્ટના આયોજન માટે ઓછો સમય લાગે છે, તેમણે ઉમેર્યું હતું કે, ગતિ શક્તિ પ્લેટફોર્મ દ્વારા ભારત નેટની સંપત્તિનો લાભ લઈને રાજ્યભરમાં ટેલિકોમ સેવા પ્રદાતાઓ દ્વારા 5G સેવાઓ શરૂ કરવામાં આવી રહી છે. મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે ગિફ્ટ સિટી, ધોલેરા અને ડ્રીમ સિટી જેવા ગ્રીનફિલ્ડ આધારિત આર્થિક શહેરો આર્થિક પ્રવૃત્તિઓ પર આધારિત શહેરોના વિકાસ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાના વડા પ્રધાનના સંકલ્પના અનુસાર ગુજરાતમાં વિકસાવવામાં આવી રહ્યા છે.



## તંત્રી સ્થાનેથી...

# સંસ્કૃતિનો નિરાદર

કોંગ્રેસનું કહેવું છે કે સ્વતંત્રતા સમયે વડાપ્રધાન જવાહરલાલ નેહરુને જે સેંગોલ એટલે કે રાજદંડ પ્રદાન કરવામાં આવ્યો હતો, તેને સત્તા હસ્તાંતરણ સાથે કોઈ સંબંધ નથી. કોંગ્રેસનો આ દાવો ચકિત કરનારો અને સાથે જ કેટલાય સવાલો પણ ઊભા કરે છે. જો કોંગ્રેસનો દાવો સાચો હોય તો પછી નેહરુએ તેનો સ્વીકાર કેમ કર્યો હતો? ગત દિવસોમાં સેંગોલ વિશે જાણકારી આપતાં ગૃહમંત્રી અમિત શાહે જે ફોટો દર્શાવ્યા, તે તો એ જ દર્શાવે છે કે તેને સમારોહપૂર્વક નેહરુને સોંપવામાં આવ્યો હતો. કોંગ્રેસ એ જણાવે કે આખરે આ સમારોહ કેમ થયો હતો અને તેનો શો અભિપ્રાય હતો? ધ્યાન રહે કે આ સમારોહ એ જ સમયે થયો જ્યારે ૧૫ ઓગસ્ટે અડધી રાત્રે સત્તા હસ્તાંતરણ થઈ રહ્યું હતું. કોંગ્રેસે એ પણ જણાવવું જોઈએ કે તમિલનાડુમાં નિર્મિત આ સેંગોલ જવાહરલાલ નેહરુ અને પછી તેમની પાસેથી અલ્હાબાદ સંગ્રહાલય કેવી રીતે પહોંચ્યો? સમજવું મુશ્કેલ છે કે કોંગ્રેસ નેતા સત્તા હસ્તાંતરણના એક મહત્ત્વપૂર્ણ પ્રસંગની અવગણના કેમ કરવા માંગે છે? ક્યાંક એટલા માટે તો નહીં કે નેહરુએ સેંગોલને એ સન્માન ન આપ્યું, જેનું તે હકદાર હતું? તે તેમની ખાનગી સંપત્તિ બની ગઈ અને પછી તેને અલ્હાબાદ સંગ્રહાલય મોકલી દેવાયું. ત્યાં તેને સોનાની લાકડી તરીકે પ્રદર્શિત કરાતું હતું. એ પણ એક રહસ્ય જ છે કે સેંગોલને રાજદંડને બદલે ચાલવા માટેની લાકડી તરીકે કેમ પરિભાષિત કરવામાં આવ્યું? ક્યાંક તેનું કારણ એ તો નથી કે નેહરુ સેક્યુલરિઝમની જે અવધારણાથી પ્રેરિત હતા, તેમાં સત્તા હસ્તાંતરણની આ પ્રાચીન સાંસ્કૃતિક પરંપરા તેમને ગમી ન હોય. વસ્તુસ્થિતિ ગમે તે હોય, પણ કોંગ્રેસ સેંગોલના ઈતિહાસનું જેવું વર્ણન કરી રહી છે, તેનાથી એવું લાગે છે કે તેને એ ગમતું નથી કે આ ઐતિહાસિક રાજદંડને અલ્હાબાદ મ્યુઝિયમમાંથી લાવીને સંસદના નવા ભવનમાં સ્પીકરના આસન પાસે સ્થાપિત કરવામાં આવી રહ્યો છે. સમસ્યા માત્ર એટલી નથી કે સેંગોલના ઈતિહાસને તોડવા-મરોડવામાં આવ્યો, પરંતુ એ પણ છે કે તેને જનતાથી છૂપાવવામાં પણ આવ્યું. કોઈ જાણતું નથી કે આવું કામ કેમ કરવામાં આવ્યું અને કોંગ્રેસ નવેસરથી તેમાં ભાગીદાર કેમ બની રહી છે? કોંગ્રેસ પોતાના વલણથી એ પ્રગટ કરી રહી છે કે તેને પોતાના સાંસ્કૃતિક વારસા પર જ ગર્વ નથી. સારું થાત કે તે સેંગોલ મામલે વિચિત્ર દલીલો કરવાને બદલે ચૂપ રહેતી, પરંતુ કદાચ તેને પોતાની વિરાસતની સાથે જ દેશની સંસ્કૃતિ અને પરંપરાઓની ઉપેક્ષા કરવાની આદત પડી ગઈ છે. તેની આ જ આદતોને કારણે એમ કહેવામાં આવે છે કે આજની કોંગ્રેસ એ નથી, જેણે દેશને આઝાદી અપાવવામાં અગ્રણી ભૂમિકા નિભાવી હતી. એ સારું નથી થયું કે કોંગ્રેસે પહેલાં તો નવા સંસદ ભવનના ઉદ્‌ઘાટનના બહિષ્કારનો નિર્ણય કર્યો અને પછી સેંગોલના ઈતિહાસની અલગ વ્યાખ્યા કરવા લાગી.

### કોને ખબર?

ભાવથી ભીનું હૃદય તું ચાલ કર,
ક્યારે કોઈ જાશે તૂટી કોને ખબર ?
જીવનની અગ્નિ પરીક્ષા ફેડવી,
ક્યારે કોઈ જાશે જલી કોને ખબર?
તલ વિતલ ઊંડાણને છે જાણવા,
ક્યારે કોઈ જાશે ડૂબી કોને ખબર ?
હારથી ગભરાઈને શું બેસીએ,
ક્યારે કોઈ જાશે જીતી કોને ખબર?
જીવનને જરી સ્નેહથી અજવાળીએ,
ક્યારે કોઈ જાશે 'ખસી' કોને ખબર?

**નલિની રાવલ(વડોદરા)**

### હે ઈશ્વર શું અરજ કરું હવે તને?

બસ તારા મંદિરમાં પગ મુકાયોને
મારા સઘળા વિચારો બદલાઈ ગયા.
આવ્યા હતા માંગવાને મદદને
તે શાહોના શાહ બનાવી દીધા.
હતા નાસ્તિક ને તારામય બની ગયા
હતા કથીર ને કંચન બની ગયા
બસ હવે છે એટલી અરજ શેષ જીવન
વિતે તારી ભક્તિમાં,તારા સાંનિધ્યમાં

**વિશાખા ભટ્ટ (અમદાવાદ )**

### શબ્દ : ઉષ્મા

શબ્દ ભીની વાત કરજે
સ્હેજ સીધી વાત કરજે
એકાંત મળેતો સંવાદ સહેજે
પ્રેમના મુજને ગુણગાન કહેજે
મળે સારુ કોઈ જો યજમાન
તો અંતરમનનો આદરમાન દેજે
લહુભરેલી લાગણીના તારે,
ઉષ્માનો પાકો દોરો બાંધજે
એકમેકના સહારે જીંદગી વિતાવીશું
એવો મુજને હ્દયનો અણસારો દેજે

**નીલમ ત્રિવેદી''નીલપ્રીત''(અમદાવાદ)**

### સમજણ

મને ન સમજાયું એમ ન સમજતાં,
ગરજતાં વાદળ કાયમ ના વરસતાં.
બધે તમાશો કોને શું કહેવું?
મૌન રહીને સૌ બધું સમજતાં.
સંબંધો ટક્યાં છે જતું કરીને,
નિર્જળા બની હોઠ રહ્યાં તરસતાં.
ગરજ જયાં સુધી ઝૂકીને રહે સહુ,
મતલબ પાર થાતાં દૂરથી સરકતાં.
સમયની સડક પર ચાલ્યાં કરવાનું,
નજરમાં કેદ સપનાં ઊડવા ફફડતાં.
ઘમંડમાં વિહરતાં ધનવાન નબીરાં,
અકાળે જોયાં તસવીરોમાં લટકતાં.
સમજ સમજની વાતો અલગ છે,
સમજુ માનવીઓ જીવે નિંદા ઝટકતાં!

**હિના મહેતા 'સૃષ્ટિ'(રાજકોટ)**

# ગુજરાતમાં માતૃભાષાની હાલત માટે જવાબદાર કોણ?

હમણાં ૨૫ મી તારીખે ગુજરાત બોર્ડનું ધોરણ ૧૦ નું પરિણામ જાહેર થયું. વાલીઓ શિક્ષકો વિદ્યાર્થીઓ ટ્યુશન કલાસવાલા બધા ખુશ ખુશ થઈ ગયા.પણ પરિણામ તપાસતા વાસ્તવિક આંકડા દુઃખદાયક છે.

ગુજરાતમાં ૯.૫૬ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા.પરીક્ષામાં ૬૪.૨૨ પાસ થયા.સૌથી વધુ સુરત અને સૌથી ઓછું દાહોદ જિલ્લાનું પરિણામ આવ્યું છે.૧૦૦ ટકા પરિણામવાલી શાળાઓ ૨૦૦ ઉપર હશે આટલા બધા વિદ્યાર્થીઓ પછી ક્યાં ખોવાઈ જાય છે એ અલગ ચર્ચાનો વિષય છે

સૌથી શરમજનક વાત છે કે ૧૫૭ જેટલી શાળાઓનું પરિણામ શૂન્ય આવ્યું છે અને આપણા માટે ડુબી મરવા જેવી વાત છે કે માતૃભાષા ગુજરાતીમાં ૯૬ હજાર વિદ્યાર્થીઓ નાપાસ થયા છે .દર વરસે આવી જ રીતે વિદ્યાર્થીઓ આટલી મોટી સંખ્યામાં નાપાસ થાય જ છે છતાં કઈ જ ફરક પડતો નથી.કોઈ પગલાં ભરવામાં આવતા નથી .કોઈ ગુજરાતી માતૃભાષા પર દયાન આપતું જ નથી .ના વિદ્યાર્થીઓને ગુજરાતીમાં પાસ થવું છે ના શિક્ષકોને માતૃભાષા ભણાવવી છે ના શાળા સંચાલકોને માતૃભાષામાં રસ છે ગુજરાતમાં ગુજરાતી ભાષા માતૃભાષા સાથે આ ઓરમાયું સાવકી માં જેવું વર્તન ક્યાં સુધી કરીશું? માતૃભાષા વગર ક્યાં સુધી વિદ્યાર્થીઓ પાસ નાપાસ થયા કરશે?

આપણે વાલીઓ શિક્ષકો શાળા કોલેજના સંચાલકો વિદ્યાર્થીઓ ક્યારે માતૃભાષાને ગંભીરતાથી લઈશું ?

૧ .૯૬ હજાર વિદ્યાર્થીઓ બેઝીક ગણિતમાં નાપાસ થયા છે બોલો ગુજરાતમાં વિદ્યાર્થીઓ ગણિત અને ગુજરાતી ભણતા જ નથી.

પરીક્ષાના પૅપર તપાસનાર શિક્ષકોની ઘટ પણ દર વરસે ઉડીને આખે વળગે છે. ગુજરાતનું શિક્ષણ આવું કેમ ?, એ હકીકત પહેલા સ્વીકારી લો કે ગુજરાતમાં શિક્ષણનું સ્તર દિવસે દિવસે કથળતું જાય છે ચોખ્ખું દેખાઈ આવે છે એના માટે જવાબદાર કોણ? વિદ્યાર્થીઓ વાલીઓ શિક્ષકો સમાજ ?

આ વિચારણીય વાત છે કોણ વિચારશે? આમ થવાના ઘણા કારણો હશે આ ખુબ જ ગહન મનન ચિંતન માંગતી વાત છે.

બધા એકબીજા પર આરોપ ક્યાં સુધી લગાવ્યા કરશે ? ઉકેલ કોણ બતાવશે?

વિદ્યાર્થીઓ મોબાઈલમાં વ્યસ્ત છે એ વાત સાચી છે પણ શિક્ષકો કેમ ભણાવતા નથી?

સરકાર શિક્ષકોની ભરતી કરતી નથી વિધા સહાયકોથી કામ ચલાવી લે છે પછી શિક્ષણમાં ભલીવાર ક્યાંથી આવે? ૧૦ માં ધોરણમાં ભણતા ૯૬ હજાર વિદ્યાર્થીઓ નાપાસ થાય અને કોઈના પેટનું પાણી પણ હલે નહીં આ ચમત્કાર દર વરસે ગુજરાતમાં થાય છે અને આપણે ગુજરાતીઓ ધન્ય ધન્ય થઈ જઈએ છીએ.

જય જય ગરવી ગુજરાત.

**અબ્બાસભાઈ કૌકાવાલા**

# દેશ માટે સર્વોચ્ચ બલિદાન આપવા રાજુ રદી તૈયાર થઈ ગયો !!

ગિરધરભાઇ. આ બે પૈસાના વિપક્ષો તેમની જાતને શું સમજે છે??'' રાજુએ મારા ઘરમાં પ્રવેશી સોફામાં પડતું મેલતા સવાલ પણ વહેતો કર્યો. રાજુ કારણ-અકારણ સવાલ કરે છે. એન આઇડિયલ માઇન્ડ ઈઝ ડેવિલ્સ ફેકટરી. મતલબ કે નવરાનું મગજ એ શેતાનનું કારખાનું છે. નવરો નખ્ખોદ વાળે તેમ પણ આપણે ત્યાં કહેવાય છે. જો કે, ફૂલટાઈમ કે પાર્ટસટાઈમ નવરાઓ કે સ્માર્ટ કે ઓવર સ્માર્ટ ડફોળ મોબાઈલને હર હાથ કો કામ દે દિયા હૈ. ટ્વિટર પર એક લાઈક કરવાની એક થી પાંચ રૂપિયા પક્ષોના આઈટી સેલ ચૂકવે છે. ફોલોઅર્સ વધારવાની લ્હાયમાં ફેક ફોલોઅરની ફોજ તૈયાર થાય છે!!

" રાજુ વિપક્ષો ખુદને વિપક્ષ જ સમજે છે. શાસક સમજતા હોય તો વિરોધ કરે ખરા??'' મેં રાજુને સામે પ્રશ્ન કર્યો .

" ગિરધરભાઇ . સાહેબ દેશની આન બાન અને શાન વધારવા અઢાર અઢાર કલાક મથે છે. ચૂંટણીસભા યોજે છે. તમાકુ ચોળતા હોય તેવી મુદ્રામાં ટપાકા મારી , લાંબી આંગળીઓ દેખાડી, ચિત્રવિચિત્ર ( આ ચિત્ર સાથે વિચિત્ર શબ્દ શું કામ પ્રયોજાતો હશે?? ચિત્ર સાથે સચિત્ર શબ્દ સકારાત્મક રીતે શોભે. પણ વિચિત્ર લોકો વિચિત્ર શબ્દ પકડી લાવે છે!!) વેશભૂષા પહેરે છે. ચૂંટણી ન હોય ત્યારે રોજ રોડ શો કરે છે. સમારોહ સ્થળે ભીડ શું કોઇ ભોજિયો ભા ન હોય તો પણ જનતાનું અભિવાદન કરવા ખાલી ખાલી હાથ હલાવે છે.ટેલિપ્રોમ્પ્ચરની મદદ સિંહ સભામાં દહાડ કરે છે. કોના માટે? ખુદના માટે? હરગીજ નહીં . સાહેબ તો ફકીર છે. ફકીરને પ્રસિદ્ધિની કયાં ભૂખ હોય? સાહેબ તો ઝોલો ( કોણ ભરેલો ઝોલો બોલ્યું? સાલ્લા દેશદ્રોહીઓ ! સાહેબનો ઝોલો નવા મંત્રો,સ્લોગનો, આંગડિયાથી ભરેલો હોય છે.રૂપિયા ડોલર, પાઉનિડની સામે ઊંચી આંખ પણ કરતા નથી. સાહેબ લક્ષ્મણ જેવા જતિ છે!!)લઇને જતા રહેવાની ભપકી આપે છે. પરંતુ, બે દાયકાથી ખુરશી પર અનાસક્ત ભાવે ફેવિકોલની જેમ ચોંટી ગયા છે!!ભલભલા કે ભલભલી ઉખડી ગઇ!પ્રસિધ્ધિ ખુદબખુદ સામે પગલે આવે તો સાહેબ મોં ધોવા શું કામ જવાનું?? " રાજુએ સોલિસીટર જનરલની જેમ લોજીકલ દલીલ કરી.

" રાજુ. આપણે આઝાદી મળી ત્યારથી ખખડધજ સંસદથી ચલાવ્યું. માનો કે હેરિટેજ બિલ્ડિંગ છે. માની લઈએ કે સંસદમાં પાણી ટપકતું નથી. કોઇ સિપેજ નથી. વરસોવરસ રંગરોગાન ,મરામત કરીએ છીએ. ભવિષ્યમાં સો વરસ લગી સંસદની કાંકરી હલવાની નથી. રમેશ પારેખની કવિતા જેમ સંસદને હોંકારો તો કાંગરા દેશે , સાહેબને હોંકારો કોણ દેશે ? સંસદની ઇમારત મજબુત હોય એટલે છાતીએ વળગાડવાની ??એમ તો મહાન અકબર માટે તરકારી કાપતી છરી પણ પુરાતત્વીય મૂલ્ય ધરાવતી હોંય તો પેટમાં ખોસી દેવાની??નાનુ બાળક એક રમકડાંથી કંટાળે છે. રોઇને બીજું રમકડું માંગે છે. માબાપે અનિચ્છા હોય ,સગવડ ન હોય તો પણ બાળકનું વેન કે બાળહઠ ધરાર પૂરી કરવી પડે છે. એકને એક પ્રકારની મોનોટોનસ સંસદથી તમે રાષ્ટ્ર દ્રોહીઓ ઉબાઈ ન જાવ એટલે અમારી ડોશીમાં જેવી સંસદનો અણગમતો બોજ ગદર્ભની જેમ વેંઢારવાનો ?? સાહેબ તો મોગલોની લેટેસ્ટ એડીશન છે. મરાઠા ગયા નગારે, મોગલો ગયા તગારે અને સરકાર જશે પગારે એવું કહેવાય છે?? સાહેબ તો સવાયા મોગલ બની એઇમ્સ,એરપોર્ટ આઇઆઇટી, મહાત્મા મંદિર , સ્વર્ણિમ સંકુલો, પોર્ટ સેન્ટ્રલ વિસ્ટા વગેરેનું નિર્માણ કરેલ છે. આપણે ઘર બનાવીએ તો તેના ઉદઘાટન માટે શાહબાજ શરીફને નોંતરૂં દઇએ છીએ? સાહેબ તો વિદેશમાં સ્થળોના નામકરણ માટે જાય છે એ તેમનું આંતરારાષ્ટ્રિય ઔદાર્ય છે!!'' મે સાહેબના સમર્થનમાં ફેવિકોલ જેવી સોલિડ દલીલ કરી .

"ગિરધરભાઇ. જ્યારે સંસદનું નવું મકાન બનાવવાનું શરૂ કર્યું ત્યારે વિરોધ પક્ષે વિરોધના બેસૂરા અવાજે વિરોધ કરેલો . મકાન બનતું હતું ,ત્યારે કેજરીવાલ, રાહુલ પાણી કયાં છાંટવા ગયા હતા? સાહેબ વિદેશ પ્રવાસેથી પરત આવેલા.પ્રવાસનો જેટ લેગ (વિમાની પ્રવાસમાં જેટ લેગ લાગે પણ જેટહેડ કે જેટહેન્ડ લાગે કે નહીં?) હોવા છતાં મજૂર જેવો પીળો ટોપો પહેરીને રાત્રીના સમયે મકાનના બાંધકામની પ્રગતિની સમીક્ષા કરવા પહોંચી ગયેલા. ત્યારે વિપક્ષો તો સવા મણની તળાઇમાં સૂતા હતા!'' રાજુએ વિપક્ષોને ભાંડવાનું શરૂ કર્યું.

" રાજુ. તારા લગ્ન થાય અને તારે પાંચ છોકરા થશે એવું ધારીને તારા પપ્પા નવું આલિશાન મકાન બનાવે ખરા??સંસદની બાબતમાં આવું થયું છે. સને ૨૦૦૬ ની સાલમાં ડીલીમીટેશન કમિશને વિધાનસભા અને સંસદની બેઠકોની સંખ્યા કરી કરી હતી. જેમાં ૨૦૩૬ સુધી વિધાનસભા અને સંસદની બેઠકો યથાવત રાખવાનો નિર્ણય કરેલ હતો. પછી સંસદની નવી ઈમારતમાં લોકસભાની ૮૮૦ બેઠકો માટે વ્યવસ્થા શું કામ કરવામાં આવી?? સને ૨૦૩૬ પછી બેઠકો વધારવા ડીલીમીટેશન કમિશને નિર્ણય ન કરે ત્યાં સુધી સંસદની બેઠકો કયાંથી વધે???'' મેં બંધારણીય જોગવાઈની છણાવટ કરી.

" ગિરધરભાઇ. સાહેબની સરકારમાં ઉદઘાટન મંત્રાલય કામ કરે છે. જેનો હવાલો સાહેબ પાસે છે. રેલવે મંત્રાલય નવી રેલવે ચાલું કરે તેનું ઉદઘાટન રેલવેમંત્રીને બદલે સાહેબ કરે છે. નવા એરપોર્ટ, એકસપ્રેસ હાઇવે,,આઇઆઇએમ, આઇઆઇટીનું ઉદઘાટન સંબંધિત મંત્રીઓને બદલે સાહેબ કરે છે. મંત્રી બુંધિયાળ છે, સાહેબના હાથમાં બરકત છે!!! સંસદનું ઉદઘાટન સાહેબ ન કરે કો કિમ જોંગ ઉન કરે?? રાષ્ટ્રપતિ શું કામ ઉદઘાટન કરે?( એ તો રબ્બર સ્ટેમ્પ છે!!) લોકસભાના સ્પીકર કે ઉપ રાષ્ટ્રપતિ શેના ઉદઘાટન કરે?? જ્યારે સાહેબ તો સાહેબ છે!! ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી સાહેબને બોસ કહે છે., પપૈયા જેવા કદના કદના વડાપ્રધાન સાહેબનો ચરણસ્પર્શ કરે છે. એટલે સાહેબ જ સંસદનું ઉદઘાટન કરે !!'' રાજુએ નવો તર્ક કર્યો!!

" રાજુ.વિરોધ પક્ષ ઉંટના અઢાર વાંકા કરીને બેઠા છે. એમને ઉદઘાટનની તારીખ અને તિથિ બાબતે વાંધા નિરોધ છે.ઉદઘાટનની તારીખે જોગાનુજોગ વીર સાવરકર સાહેબનીનજન્મ જયંતિ આવે તેમાં સાહેબનો વાંક કાઢવાનો ? ભઇ ગાંધીજી,,આંબેડકરજી,,ભગતસિંહના જન્મ દિવસે બાળકોને પીપરમેન્ટ , ચોકલેટ ,,બિસ્કિટનું વિતરણ કરીએ જ છીએ જ ને!! જાવ બીજી સંસદ બનાવીશું કો તમે કીધેલા મહાનુભાવના જન્મ દિવસે સંસદનું ઉદઘાટન કરીશું . જાવ જેન્ટલમેન પ્રોમિસ!! હવે હવનમાં હાડકા ન નાંખશો તાડકાસુરો !!સંસદનું ઉદઘાટન કરવું એ સરકારે નકરી કરવાનું હોય! સરકાર એટલે સાહેબ. સાહેબ એટલે સરકાર . સંસદનું ઉદઘાટન કોણ કરે એ સુપ્રિમ કોર્ટે થોડું નક્કી કરવાનું છે? વિરોધપક્ષ વાંઝિયો વિરોધ કરે . એમનું કામ જ વિરોધ કરવાનું છે!એ લોકો સાહેબ માટે તાળીઓ થોડા પાડી શકે??'' મે વિરોધ પક્ષને આડે હાથે લીધો.( કોઇને સીધા હાથે કેવી રીતે લેવાય એની ખબર હોય તો અમને જણાવજો!!)

"ગિરધરભાઇ. આ મડાગાંઠનું એમિકેબલ સોલ્યુશન શું? સાપ મરે નહીં અને લાઠી ભાંગે નહી. કાંઇક રસ્તો કાઢો!'' રાજુએ કહ્યું.

"રાજુ તારે હવે સર્વોચ્ચ બલિદાન આપવા તૈયાર થવાની તાતી આવશ્યકતા છે. અગ્નિવીરની જેમ જાનફેસાની કરવી પડશે . દેશ માટે ખપી જવું પડશે. દેશની મીટી અને નમકનું ઋણ ચૂકવવું પડશે. મને તારામાં ભગતસિંહ , ચંદ્રશેખર આઝાદ દેખાય છે.'' મેં ભાટ ચારણની જેમ રાજુને પાનો ચડાવ્યો.

" ઓ. કે. ગિરધરભાઇ બહુ પોલ્સન ન લગાવો . મારે શું કરવાનું છે, એ કહો " રાજુએ મને કૃષ્ણ સમજી માર્ગદર્શન માંગ્યું.

"રાજુ. નવનિર્મિત સંસદ ભવનનું તારે તારા વરદહસ્તથી એટલે કરકમળથી સાદગીપૂણ (એટલે ભવ્યાતિભવ) ઉદઘાટન કરવાનું છે. હે રાજુ હવે ઉદઘાટન એ જ કલ્યાણ છે!!'' રાજુ રદી પર વીજળી ત્રાટકી હોય તેવો કાળોધબ્બ થઇ ગયો!!

**ભરત વૈષ્ણવ**

**( આ લેખ હાસ્ય નિષ્પનન કરવા લખેલ છે. કૃપા કરીને બંધબેસતી પાઘડી પહેરવી નહીં)**

# નવી સંસદ ભવન બહાર મહાપંચાયત સામે કાર્યવાહી, ખેડૂત નેતાઓ અને મહિલાએની અટકાયત કરાઈ

(એ.આર.એલ),પાણીપત,તા.૨૮

રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના અધ્યક્ષ બ્રિજભૂષણ સિંહની ધરપકડની માગણીને લઈને કુસ્તીબાજો ૨૩ એપ્રિલથી દિલ્હીના જંતર-મંતર પર ધરણાં કરી રહ્યા છે. આ દરમિયાન, આજે નવા સંસદ ભવન સામે, કુસ્તીબાજોના સમર્થનમાં તમામ ખાપોની મહિલા મહાપંચાયત બોલાવવામાં આવવી હતી પરંતુ હરિયાણા પોલીસે રવિવારે સવારથી જ ખેડૂતો અને મહિલાઓની ઘેરાબંધી શરૂ કરી દીધી હતી.આ સાથે પોલીસે હિસાર, સોનીપત, પાણીપત, રોહતક, જીંદ અને અંબાલામાં ખાપ પ્રતિનિધિઓ અને ખેડૂત નેતાઓને કસ્ટડીમાં લીધા હતાં. ઘણા નેતાઓને નજરકેદ કરવામાં આવ્યા હતાં. ખેડૂતોને રોકવા માટે પોલીસે સિંઘુ અને ટિકરી બોર્ડર પર બેરિકેડ લગાવી દીધા હતાં અને અંબાલામાં ખેડૂતોનું પોલીસ સાથે ઘર્ષણ થયું હતું. આ મહાપંચાયતમાં હરિયાણા ઉપરાંત યુપી, રાજસ્થાન, ઉત્તરાખંડ, પંજાબ અને દિલ્હીના ખાપના લોકો અને ખેડૂતો ભાગ લેવાના હતાં દિલ્હી પોલીસે આ મહાપંચાયત માટે મંજૂરી આપી નથી. આ માટે દિલ્હીની તમામ સરહદો સીલ કરી દેવામાં આવી છે. હરિયાણાના તમામ ટોલ પ્લાઝા પર પોલીસ તૈનાત કરવામાં આવી છે. ત્યાં તમામ વાહનોની તપાસ કરવામાં આવી હતી હરિયાણામાં, બહાદુરગઢને અડીને આવેલી નવી દિલ્હીની ટિકરી સરહદ પર, હાઈવેની બંને બાજુ સિમેન્ટના મોટા પથ્થરો મૂકીને રસ્તો સાંકડો કરવામાં આવ્યો હતો. મહાપંચાયત માટે હરિયાણા-પંજાબથી મોટી સંખ્યામાં ખેડૂતો પહોંચવાની સંભાવનાને કારણે દિલ્હી પોલીસ શનિવારે રાત્રે જ એક્શનમાં આવી ગઈ હતી. હરિયાણા પોલીસનો પણ સંપર્ક કરવામાં આવ્યો હતો. આ પછી હરિયાણામાં નવી દિલ્હી જઈ રહેલી મહિલાઓ અને ખેડૂતોની ધરપકડ શરૂ કરવામાં આવી હતી. પંજાબથી દિલ્હી જઈ રહેલી મહિલાઓનું એક જૂથ શનિવારે સાંજે અંબાલાના માંજી સાહિબ ગુરુદ્વારા પહોંચ્યું તો પોલીસે તેમને કસ્ટડીમાં લીધા. ગુરુદ્વારાના ગેટ પર પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા.મોડી રાત્રે બહાદુરગઢ બોર્ડર પર ટિકરી બોર્ડર પર સિમેન્ટના મોટા પથ્થરો લાવવામાં આવ્યા હતા. અહીં દિલ્હી હાઈવે ૧૫ ફૂટ સુધી સાંકડો થઈ ગયો હતો. ટિકરી બોર્ડર પર દિલ્હી પોલીસના ૪૦૦ જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. પોલીસ હરિયાણા, સિંઘુ બોર્ડર અને ટિકરી બોર્ડર સાથે દિલ્હીની બંને બોર્ડર પર દિલ્હી તરફ જતાં વાહનોનું ચેકિંગ કરી રહી છે. શનિવારે મોડી સાંજે પાણીપત જિલ્લાના સિવાહ, સમલખા, જૌરાસી અને માલપુર ગામના લોકો ખાનગી વાહનોમાં દિલ્હી જવા નીકળ્યા હતા. ખેડૂતોની ધરપકડના સમાચાર મળતાની સાથે જ કુસ્તીબાજોએ શનિવારે રાત્રે ૯ વાગ્યે જંતર-મંતર ખાતે ઈમર્જન્સી પ્રેસ કોન્ફરન્સ બોલાવી હતી. આમાં વિનેશ ફોગાટ અને સાક્ષી મલિક ફરી એક વખત રડી પડ્યાં હતાં. વિનેશે કહ્યું કે સરકાર સમજૂતી પર પહોંચવા માટે અમારા પર દબાણ કરી રહી છે, પરંતુ બ્રિજભૂષણની ધરપકડ કરવાનો સવાલ જ નથી. આવી સ્થિતિમાં રવિવારે યોજાનારી મહિલા મહાપંચાયત યોજાશે. વિનેશ અને સાક્ષીએ કહ્યું કે પોલીસ અમારા પર બળપ્રયોગ કરી શકે છે, પરંતુ અમે કોઈપણ જુલમ સહન કરવા તૈયાર છીએ. આજે આખો દેશ અમારી સાથે ઊભો છે, તેથી જ અમે આ લડાઈ લડી શક્યા છીએ. અમે બાળકો છીએ. આ બધું આપણે પહેલાં ક્યારેય જોયું નથી.

### ભેટ ધરી

આજે વર્ષગાંઠ હતી. સવારના ઉઠતાંની સાથે મા અને પપ્પાને પગે લાગી ઓફિસે જવા નિકળ્યો. હજુ તો મૂછનો દોરો ફૂટ્યો હતો. ગધા પચ્ચીસી આવી ન હતી. કમપ્યુટર ભણ્યો હતો અને બાળપણથી તેમાં પારંગત હતો એટલે માસ્ટર્સ ભણ્યા પછી સારી નોકરી મળી ગઈ હતી. હોંશિયારીને કારણે નોકરી અમેરિકન કંપનીમાં મળી. રહેવાનું ભારતમાં અને પગાર મળે અમેરિકાના ડોલરમાં. પૈસા સિધા બેંકમાં જમા થાય. બે વાર તેમના ખર્ચે અમેરિકાની સફર પણ કરી હતી. એક મિત્ર હતી પણ હજુ પરણવા સુધી વાત પહોંચી ન હતી. ઉતાવળ કરવી ન હતી. માતા અને પિતાનો એકનો એક દીકરો હતો. જો સુપાત્ર ન નિકળે તો કેવા હાલ થાય તે જાણતો હતો.

'મારી શાળાના મિત્ર કિશોરે પત્ની અને માતા વચ્ચે ફસાઈ જીંદગી ટુંકાવી દીધી હતી.'

આજે સવારે ઓફિસે જવા તો નિકળ્યો, મનમાં થયું રજા લઈ લઉં. ફોન કરીને કહ્યું કે 'ગઈકાલે કહેવાનું ભૂલી ગયો હતો. આજે જન્મ દિવસ છે એટલે કામ પર નહી આવું'.

કિન્નરીને સાંજે મળવાનું હતું. કપિલ ગાડી હોવા છતાં ક્યારેક ટેક્સીમાં જતો. ટેક્સી સર્વોદય હોસ્પિટલ પાસેથી જઈ રહી હતી. મિત્ર કિશોરના પપ્પા હોસ્પિટલમાં હતા થયું ચાલ તેમને મળી લઉં. ટેક્સીમાંથી ઉતરી તેમને મળવા પહોંચી ગયો. કિશોરના પપ્પાજી કપિલને જોઈને ખૂબ ખુશ થયા. કિશોરની યાદ આવી ગઈ.

કપિલે જ્યારે આજે વર્ષગાંઠ છે ,તે કહ્યું તો કિશોરના પિતાજી ગદગદ થઈ ગયા. અંતરથી આશિર્વાદ આપ્યા. તેમને કિશોરની મધુરી યાદ આવી ગઈ. ખૂબ મોડું થઈ ગયું હતું.

કિશોર અને કપિલ શાળાના મિત્ર હતા. તેમને મળીને પાછો જતો હતો ત્યાં જનરલ વોર્ડમાં કોઈનો દર્દ ભર્યો અવાજ સંભળાયો. કપિલ અવાજ સાંભળીને થંભી ગયો. નજર ફેરવી તો નાની બાળા પાણી પીવા માટે હાથ લંબાવી રહી હતી. પાણીનો ગ્લાસ તેનાથી થોડો દૂર હતો. તેનો હાથ પહોંચતો ન હતો.

કપિલ દોડીને પહોંચી ગયો. વહાલથી તેને પાણી પિવડાવ્યું.

'અંકલ આપનો આભાર'.

'અંકલ સંબોધનથી ચોંક્યો , પણ બાળા નાની હતી એટલે મુખ મલકી ગયું.

આજુબાજુ કોઈ નર્સ ન હતી. કપિલ વાતે વળગ્યો.

'અંહી કોણ તારી પાસે છે'?

'કોઈ નહી'.

'આખો દિવસ એકલી જ હોય છે'?

' હા, સાંજે મારા પિતા આવશે'.

મારી મા બીજા ભાઈ અને બહેનની દેખરેખ ઘરે રાખે છે.

કપિલ શાંતિથી તેની પાસે બેઠો.

'તારા માટે નાળિયેર પાણી કે કેળા લઈ આવું'?

'નાની છોકરીનું મુખ મલકી ગયું.'

કપિલ સમજી ગયો. હોસ્પિટલની નીચે જ દુકાન હતી. દસ મિનિટમાં લઈને પાછો આવ્યો.

નાની બાળકી ખુબ ખુશ થઈ ગઈ.

કપિલ વિચારમાં પડી ગયો. સવારે માએ કહ્યું હતું, 'બેટા આજે જન્મ દિવસ છે તો મંદિરમાં રાજભોગ લખાવજે'.

રાજભોગ મા, કહે એટલે દસ હજાર રુપિયા ધરજે.

કપિલ વિચારમાં પડ્યો. જો એ દસ હજાર રુપિયા જરુરિયાતમંદોને હોસ્પિટલમાં આપ્યા હોય તો કેટલા આશિર્વાદ મળે.

ટેક્સીમાં બેસીને સરકારી હોસ્પિટલમાં પહોંચી ગયો. ૫૦૦ રુપિયાની ૨૦ નોટો લઈને મન માને તે ખાટલા પાસે જઈને મૂકી નિકળી ગયો.

**પ્રવિણા કડકિયા.હ્યુસ્ટન**

# છત્રપતિ શિવાજી મહારાજના વંશજે વિધાનસભા ચૂંટણી લડવાની જાહેરાત

(એ.આર.એલ),મુંબઈ,તા.૨૮

છત્રપતિ શિવાજી મહારાજના વંશજ સંભાજી રાજેએ ૨૭ મે, શનિવારે એક મોટી જાહેરાત કરી હતી. આ જાહેરાત તેમની પાર્ટી ૨૦૨૪ની લોકસભા ચૂંટણી લડશે તેવી હતી. એટલે કે હવે મહારાષ્ટ્રના ચૂંટણી મેદાનમાં વધુ નવી પાર્ટી ઉતરશે. આ એન્ટ્રીએ આગામી ચૂંટણીને ત્રિકોણીય બનાવી દીધી છે. એક તરફ ઠાકરે જૂથ અને સંભાજી બ્રિગેડનું ગઠબંધન છે અને બીજી તરફ ભાજપ અને શિંદે જૂથની શિવસેનાનું ગઠબંધન છે. ઘણી નાની પાર્ટીઓ પણ પોતાનું અસ્તિત્વ બતાવી રહી છે અને હવે રાજ્યના રાજકારણમાં વધુ એક નવો પક્ષ પ્રવેશ્યો છે. એક સમયે ભાજપના સાથી રહેલા આ મોટા નેતાએ નવી પાર્ટી શરૂ કરવાની જાહેરાત કરી છે. સ્વરાજ્ય સંગઠન (સંગઠન) દ્વારા સંભાજી રાજેએ ૨૦૨૪ની ચૂંટણી લડવાની જાહેરાત કરી છે.

પૂણેમાં સંભાજી રાજેની હાજરીમાં સ્વરાજ્ય ભવનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પછી પત્રકાર પરિષદમાં સંભાજી રાજેએ ૨૦૨૪ની ચૂંટણી લડવાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતુ કે, સ્વરાજ્ય ભવન તૈયાર કરવામાં આવ્યું છે, જેથી દરેક વ્યક્તિ પોતાની સમસ્યાઓ લઈને અહીં આવશે અને તેનું નિરાકરણ થશે. અહીં દરેકની સમસ્યાઓ સાંભળવામાં આવશે. આ ઓફિસ લોકોને ઉકેલ આપવાનું કામ કરશે. સ્વરાજ્ય સામાન્ય લોકો માટે છે તેથી ઉદ્‌ઘાટન પણ તેમના જ હાથે થયું હતું.

બીજી તરફ સંભાજીના નામ પર રાખવામાં આવેલી સેના એટલે કે સંભાજી બ્રિગેડ પણ લોકસભા ચૂંટણી લડવાની તૈયારી કરી રહી છે. સંભાજી બ્રિગેડે ઉદ્ધવ ઠાકરે પાસેથી ત્રણ બેઠકો પર ચૂંટણી લડવાની ઈચ્છા વ્યક્ત કરી છે. સંભાજી બ્રિગેડ ઠાકરે જૂથ પાસેથી પૂણે, હિંગોલી અને બુલઢાણા સીટોની માંગ કરી રહી છે. સંભાજી બ્રિગેડ બે-ત્રણ બેઠકો પર લોકસભાના ઉમેદવારો ઉતારવાની તૈયારી કરી રહી છે.

સંભાજી બ્રિગેડના રાજ્ય પ્રવક્તા શિવાનંદ ભાનુસેએ માહિતી આપી હતી કે બે દિવસ પહેલા ઉદ્ધવ ઠાકરે સાથે થયેલી બેઠકમાં ત્રણ બેઠકોની માંગ કરવામાં આવી હતી. ઉદ્ધવ ઠાકરેએ સંભાજી બ્રિગેડ સાથે ગઠબંધન જાળવી રાખવું હોય તો ત્રણ સીટોનું બલિદાન આપવું પડશે. આ ઉપરાંત, ઉદ્ધવ ઠાકરે પર પ્રકાશ આંબેડકરની વંચિત બહુજન અઘાડી માટે મહાવિકાસ અઘાડીમાં તેમના ક્વોટામાંથી બે-ત્રણ બેઠકો છોડવાનું દબાણ છે.

### મહેફિલ

બગલાને તળાવમાં,
માછલીના ઢગલા મળે,
એટલે મહેફિલ!
ગરમ ઉનાળામાં,
ઠંડા પવનની લહેરખી મળે,
એટલે મહેફિલ !
જીવંત મડદાઓના શહેરમાં,
એકાદી દાદ મળે,
એટલે મહેફિલ!!
સદૈવ સૂકાતા કંઠને,
એકાદું ફાગણી ગીત મળે,
એટલે મહેફિલ!!!
શ્રદ્ધાના શુભ કંકુપગલા ,
ભરતના ઘરતરફ વળે ,
એટલે મહામહેફિલ!!!!

**-ભરત વૈષ્ણવ**

NEWS OF GANDHINAGAR_P-2

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




NOG. S.S. No. 0102
વિષય :-તરવરાટ.
શીર્ષક:-તરવરાટ એટલે પ્રગતિનું પગલું.
શબ્દ સંખ્યા:-૨૬૫.
લેખકનુંનામ:-રતીલાલવાયડા
રચના:-

દરેક માનવીમાં તરવરાટ હોતો હોય છે. તરવરાટનો અર્થ છે ઉલ્લાસ, ઉત્સાહ ,ગૌરવથી કોઈપણ કામ કરવું અને તેને પાર પાડવું . કોઈપણ કામ પાર પાડવા માટે હૃદયની ઊંડી પ્રેરણા તેને આપણે તરવરાટ કહી શકીએ.

માનવીને જ્યારે કોઈપણ કાર્ય કરવા માટેનો તરવરાટ થાય છે ત્યારે તે સતત પ્રયત્નશીલ રહે છે અને જુદા જુદા પ્રયોગો કર્યા રાખે છે. ક્યારેક સફળતા મળે ક્યારેક નિષ્ફળતા મળે. સફળતાથી પોતે રાજી થાય છે. નિષ્ફળ થયેલું કાર્ય છોડી દેતો હોય છે ,પરંતુ તરવરાટ આ બધું તેને કરાવે છે. શિક્ષણ, નોકરી કે કોઈપણ કામકાજમાં તરવરાટ એ ખૂબ જરૂરી છે.તરવરાટ ને કારણે જ માનવીની પ્રગતિ થાય છે . તે નવું નવું કરવા પ્રેરાય છે અને તેથી તેને સમાજમાં પ્રશંસા મળે છે. આ પ્રશંસાને કારણે તેનો તરવરાટ વધારે ઉત્સાહિત બને છે. જગતનાવૈજ્ઞાનિક ,વ્યાપારિક , નવા માર્ગોના સંશોધનો અને દરેક બાબતની અંદર તરવરાટ એ મુખ્ય પાયામાં હોય છે . વ્યક્તિના હૃદયમાં તરવરાટ થાય અને તે પોતાના મનગમતા ક્ષેત્રમાં પ્રયોગ કરવા લાગી જાય અને તેની પ્રગતિ થતી જાય.

માનવીનું તરવરાટ વિનાનું જીવન નકામું છે. શરૂઆતથી કેટલાક વર્ષો સુધી માનવીમાં તરવરાટ થતો હોય છે . અમુક સ્થિતિ હાંસલ કર્યા પછી આ તરવરાટ શાંત પડી જાય છે અને ધીરે ધીરે તે નિષ્ક્રિય થતો જાય છે અને પછી ચિલ્લા ચાલુ જીવન જીવ્યા રાખે છે. જો તરવરાટ હોય તો જીવનમાં વિવિધતા આવે છે .આનંદ રહે છે. કુટુંબીજનો મિત્રો વગેરે સાથે ઉત્સાહથી રહી શકે છે .આમ તરવરાટ એ માનવના જીવનમાં પ્રગતિનું પ્રથમ પગથિયું છે એમ કહીએ તો પણ કંઈ ખોટું નથી.

-----------------------------------------------------------

NOG SS No : 0110
વિષય : તરવરાટ
શીર્ષક : 'મૈત્રીનો તરવરાટ શમી ગયો'
શબ્દો : ૩૪૫
લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

મૈત્રી એટલે તરવરાટથી ભરેલું ઝરણું. તેના વ્યક્તિત્વના કણેકણમાં ચંચળતા ઠાંસી ઠાંસીને ભરેલી હતી. જિંદગી પળમાં જીવી લેવાનો તેનામાં થનગનાટ હતો. ચાહે રમત-ગમત હોય, નૃત્ય હોય, ગાયન હોય કે પેઈન્ટિંગ હોય તેનું નામ હંમેશા પહેલી હરોળમાં જ રહેતું. માતા-પિતા રસેશ અને સંધ્યાની તે એકની એક લાડકી દીકરી હોવાથી તે તેમના વિશેષ પ્રેમની અધિકારી હતી. ચુલબુલી મૈત્રી માટે પણ તેના માતા-પિતા ઈશ્વર સમકક્ષ અને સર્વસ્વ હતા.

મૈત્રીએ ૨૧ વર્ષની ઉંમર પૂરી કરીને યુવાનીમાં ડગ માંડ્યા જ છે અને અચાનક તેના જીવનમાં એવી ઘટના બની કે તેનો તરવરાટ શમી ગયો. તે સાવ શાંત થઈ ગઈ, જાણે સ્થિર થઈ ગઈ. મૈત્રીના માતા-પિતા રસેશ અને સંધ્યાનું એક જીવલેણ કાર અકસ્માતમાં આકસ્મિક અવસાન થયું. જીવન વિખરવાની અણી ઉપર આવીને ઊભું રહી ગયું. જીવનની બધી જ ગતિવિધિઓ જાણે થંભી ગઈ. વિધિની વક્રતાએ પીવડાવેલો કડવો ઘૂંટડો હજુ મૈત્રીના ગળેથી નીચે ઉતરતો નહોતો. આ પરિસ્થિતિમાં મૈત્રીના સગા કાકા અને કાકીએ તેની સંભાળ લેવાનું સ્વીકાર્યું.

નાનપણથી મૈત્રીને નજીકથી ઓળખતો તેનો અંગત મિત્ર કીર્તન મનોમન તેને ખૂબ પસંદ કરતો અને ચાહતો હતો પરંતુ ક્યારેય મૈત્રી આગળ ઉલ્લેખ કર્યો નહોતો. તેણે મનોમન નક્કી કરી લીધું કે હવે હું મૈત્રીને એકલી નહીં પડવા દઉં. વધુને વધુ સમય તે મૈત્રીની સાથે પસાર કરવા લાગ્યો, એટલા માટે નહીં કે તેને સાંત્વના મળે પરંતુ એટલા માટે કે તે ઈચ્છતો હતો કે ફરી તેની નટખટ, બોલકી અને તરવરાટથી ભરેલી ઉછળતી કૂદતી મૈત્રી પાછી મળે.

એક સુંદર પળે કીર્તને મૈત્રી સમક્ષ દિલ ખોલીને પોતાની નાજુક લાગણીઓનો એકરાર કર્યો અને કહ્યું ×હું તને જિંદગીમાં ક્યારેય એકલી નહીં પડવા દઉં. જો તું પણ મારા પ્રત્યે પ્રેમની લાગણી ધરાવતી હોય તો ચાલ,એકબીજાની સંગાથે હસીશું, રડીશું, હાથ પકડીને ચાલીશું, દોડીશું અને આપણી જીવનનૈયા જીવનના હિલોળા લેતા સમુદ્રમાં હંકારીશું. તારા વિવિધ કલા-કૌશલ્યના જોરે હું તને આકાશમાં ઉંચી ઉડાન ભરાવીશ. હું તારા મુખ ઉપર નાનકડું સ્મિત લાવવા માટે બધું જ કરી છુટીશ. તારા જીવનમાંથી તરવરાટની બાદબાકી થવા નહીં દઉં. નિર્દોષ ફૂલ જેવી તને હું ક્યારેય કરમાવા નહીં દઉં. આ મારું તને વચન છે. યોગ્ય ઉંમરે અને સમયે વડીલોના આશીર્વાદ સાથે આપણે લગ્ન કરીશું અને જીવન સંસાર માંડીશું.× મૈત્રી તો આંખોમાંથી અવિરત વહેતા અશ્રુ સાથે કીર્તનને ભેટી પડી અને કીર્તનને તેનો જવાબ મળી ગયો.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ

-----------------------------------------------------------

NOG SS No : 0092
પ્રકારઃ- પદ્ય
વિષય :- તરવરાટ
શિર્ષક :- એક ભેટ તરવરાટની

મળી છે પ્રભુ પાસેથી મને દોહ્યલી ભેટ,
'તરવરાટ ' જેને અહીં કહેવાય છે.
કોઈ કહે છે એને મારી આભા તો,
ક્યાંક મારા વ્યક્તિત્વનો હિસ્સો ગણાય છે.
ઠેઠથી નથી ગમતું મને ઉદાસ રહેવું,
નિ:સાસા નાંખવા કે પીડાને વાગોળવું.
સુખ અને દુ:ખ તો ઘટનાક્રમ છે જીવનનો,
જે મળે એમાં 'રામજીની મરજી' સમજી રહેવું.
તેથી જ તો હું પતંગિયા સી ફુદકતી રહું છું,
પળ જીવનની એક-એક ઝૂમીને જીવું છું.
ઝાંઝવાના જળની તલાશ કરતી નથી ક્યારેય,
ધરા પર પગ સ્થિર રાખીને ઉભી રહું છું.
તરવરાટ મનની ગતિ તો છે જ ને સાથે છે,
સ્વસ્થ શરીરનુંય સચોટ પરિણામ.
તંદુરસ્ત તન -મન હોય તો જ,
તરવરાટ બની રહે છે જીવન આયામ.
ખુશી એ છે કે એ બીજાનેય પ્રેરે છે,
જયાં જાય ત્યાં ખુશી બનીને ઘેરે છે.
કોઈનું આગમન તેથી તો ઉત્સવ બની જાય છે,
જાણે કોઈ બેરંગ જીવનમાં રંગો ઉમેરે છે.
કોઈના કામમાંથી એ છલકાય છે તો,
કોઈની પહેલવૃત્તિમાંથી એ મલકાય છે.
એને પામવાની કોઈ શાળા કે વિદ્યાલય નથી,
બસ એ તો વ્યક્તિના ઉદય સાથે ખીલે ને અસ્ત સાથે જ વિલીન થાય છે.
તરવરાટ દરેક કાર્યનો પ્રાણ છે,
સફળતા પામવા માટેનું એ રામબાણ છે.
એમાંથી નિપજતી ખુશીની સહુને જાણ છે,
પારસમણી સમો એક કિંમતી પાષાણ છે.
જીવન સાચું જીવવાનો એ મંત્ર છે,
હૃદયોને જીતવાનું એ તંત્ર છે.
તરવરાટ એ બીજું કાંઈ નહીં પણ,
માનવું કે સકારાત્મકતા યત્ર, તત્ર, સર્વત્ર છે.

અલકા નવિનચંદ્ર મહેતા

-----------------------------------------------------------

NOG:SS:NO. : 0141
વિષય :- તરવરાટ
શીર્ષક :- બે બોલ એના !
શબ્દ :- ૧૪૯

બે બોલ, એના;
પછી તરવરાટ;
મારો જોઈ લો.
એટલો ઊંડો,
શ્વાસ લેવાયો, શાંત,
તરવરાટ.
છાનો રહેલો,
તરવરાટ, ઉપસી;
આવે, ગમે ત્યાં.
રહેશે નહિ,
તરવરાટ, ક્યાંય;
ભગ્ન હૃદયે !
તરવરાટ
વધુ છુપાવી શકો,
નહિ ક્યારેય !
થાય જ નહિ,
કોઈ દિ' તરવરાટ,
સદાનો સંગી !
તરવરાટ,
વિના, સંભવે નહિ,
નિરવ શાંતિ.
પામવા એને,
તીવ્ર તરવરાટ,
અપેક્ષિત છે.
નિરાશ થયે,
પાલવે નહિ, રાખો;
તરવરાટ.
તાલાવેલીથી,
દેખાઈ આવો, ચોખ્ખા !
ઢોળ વિનાના.
જશો કામથી;
જો, ન, તરવરાટ,
જીવન માંહી !
વળગ્યાં રહો,
સિદ્ધિ મળશે ! પૂર્ણ,
તલસાટથી.
પ્રતીતિ કો' ની,
તરવરાટ, થકી;
સન્મુખ થાયે.
એના ઈશારે,
વધે, શ્વાસ ને રહે;
તરવરાટ.
ઈશ ની પ્રાપ્તિ,
તરવરાટ થકી;
શક્ય બનશે !
તરવરાટ,
અંકે કર્યો ! લખી લો;
શાંતિ નફામાં.
તું અને હું ! જો,
તરવરાટ શમે;
નથી કામનાં !

રસિકભાઈ વી પરમાર 'રવ' વસાઈ-ફિંચાલ (પાટણ, ઉ.ગુ.)

## છોકરીનું અપહરણ કરી યુવકે વારંવાર આચર્યું દુષ્કર્મ, તેના દોસ્તે પણ હોટેલમાં લઈ જઈ ન કરવાનું કર્યું

અમદાવાદઃ નારોલ પોલીસે ૨૦ વર્ષની મહિલાએ નોંધાવેલી દુષ્કર્મની ફરિયાદના સંબંધમાં ત્રણ શખસોની ધરપકડ કરી છે. પીડિતાનો આરોપ છે કે એક આરોપીએ તેનું અપહરણ કર્યું અને તેના ઘરેથી દાગીના અને રોકડની ચોરી કરવા દબાણ કર્યું હતું. તેણે તેના પ્રેમી અને તેના મિત્ર પર દુષ્કર્મનો આરોપ મૂક્યો હતો, જ્યારે અન્ય મિત્ર પર ગુનાને પ્રોત્સાહન આપવાનો આરોપ મૂક્યો હતો. નારોલ પોલીસ ઈન્સ્પેક્ટર આર એમ ઝાલાના જણાવ્યા અનુસાર ધરપકડ કરાયેલા ત્રણ વ્યક્તિઓ - છોટુ ઈસરાર, રિંકુ ગોહિલ અને મિલન ઠાકોર એ બધા નારોલમાં વસવાટ કરે છે. ઝાલાએ જણાવ્યું કે ઈસરાર તેની માતા દ્વારા છોકરીને મળ્યો હતો, જે તેની સાથે જ ફેક્ટરીમાં કામ કરતી હતી. ઈસરાર અને પીડિતા વચ્ચે સંબંધ બંધાયો અને ફોન પર વાત કરવાનું શરૂ થઈ ગયુ હતું. ત્રણેય શકમંદો સામે નોંધાયેલ એફઆઈઆરમાં ભારતીય દંડ સંહિતાની કલમ ૩૮૦ (રહેઠાણમાં ચોરી), ૩૬૫ (ગુપ્ત રીતે અને ખોટી રીતે વ્યક્તિને ગોંધી રાખવાના ઈરાદાથી અપહરણ), ૩૭૬(૨) (તેના પર વારંવાર દુષ્કર્મ કરવું)નો સમાવેશ થાય છે. ૧૪મી મેના રોજ આ છોકરી ગુમ થઈ ગઈ હોવાનો રિપોર્ટ દાખલ કરવામાં આવ્યો હતો. જ્યારે આ છોકરી મળી ત્યારે તેણે ખુલાસો કર્યો હતો કે ઈસરરે વારંવાર તેના પર દુષ્કર્મ આચર્યું હતું અને ગોહિલે પણ તેની સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચર્યું હતું.પીડિતાએ કહ્યું કે તે ઈસરાર સાથે પ્રેમમાં પડી ગઈ હતી અને તેણે તેની સાથે જવા માટે સમજાવી હતી. જ્યારે તેની માતા અને ભાઈઓ સૂઈ ગયા ત્યારે તેઓએ ભાગી જવાની યોજના બનાવી હતી. આવામાં ૧૪મી મેના રોજ ઈસરાર તેના ઘરે આવ્યો હતો અને તેની પાસે તે સમયે પૈસા ન હોવાથી રોકડ અને દાગીના લઈ જવાનું પ્રેમીએ જણાવ્યું હતું. છોકરીએ પણ પ્રેમીની વાત માની લીધી અને આ પ્રમાણે ઘરમાં ચોરી કરી દીધી હતી.નારોલ ખાતેના તેના રહેઠાણમાંથી નીકળ્યા બાદ છોકરીને પ્રેમીએ તેના મિત્ર ગોહિલ સાથે મોટરસાયકલ પર બેસાડી દીધી હતી. જોકે ત્યારપછી ઈસરાર છોકરીને ધાનેરાની એક હોટેલમાં લઈ ગયો હતો. જ્યાં તેની પર ઈસરારે વારંવાર દુષ્કર્મ આચર્યું હતું. ત્યારપછી રિકુ અને મિલન પણ આ હોટલમાં આવી ગયા હતા. જેના કારણે તેઓ બીજી હોટલમાં રહેવા માટે જતા રહ્યા હતા. નોંધનીય છે કે બીજી હોટલમાં પણ બંને વચ્ચે અનેક વાર શારિરિક સંબંધો બંધાયા હતા. છોકરીને અવાર નવાર શારિરિક સંબંધો બાંધવા મજબૂર કરાઈ રહી હતી.૧૭ મેના રોજ પીડિતાને અમદાવાદ પરત લાવવામાં આવી હતી અને ઈસરાર સાથે ભાડાના મકાનમાં રહેવા લાગી હતી. સોમવારે તે બીમાર પડતાં તેનો મિત્ર રિકુ ગોહિલ તેને ડોક્ટર પાસે લઈ જવાનો હતો. પરંતુ તેણે આમ ન કર્યું અને હોટેલમાં લઈ જઈ અવાર નવાર તેની પર દુષ્કર્મ આચર્યું હતું. નોંધનીય છે કે વારંવાર એ દિવસે રિકુએ છોકરીની લાજ લૂંટી હતી અને પછી ધમકી પણ આપી હતી. રિકુએ છોકરીને કહ્યું કે જો તેણે આ વાત ઈસરાર એટલે કે છોકરીના પ્રેમીને કહી તો મજા નહીં આવે. આમ કહી બંનેના સંબંધોમાં ભંગાણ પાડવાનું કહી રિકુએ અવાર નવાર એ હોટેલ રૂમમાં તેની લાજ લૂંટી હતી.બીજી બાજુ ગોહિલે પાછળથી ઈસરારને કહ્યું કે ક્લિનિકમાં નર્સની ગેરહાજરીને કારણે છોકરીને મેડિકલ ટ્રિટમેન્ટ નહોતી મળી શકી. નોંધનીય છે કે ત્યારપછી પોલીસે પીડિતા જ્યાં રહેતી હતી અને કઈ કઈ હોટેલમાં રહી છે એની વિગતો બહાર કાઢી હતી. આને લઈને પોલીસે તેનું લોકેશન ટ્રેસ કરી દીધું. છોકરી અહીં ગભરાયેલી સ્થિતિમાં જોવા મળી હતી. જોકે પછી માતા તેની પાસે પહોંચી જતા છોકરીએ સમગ્ર ઘટનાક્રમ પરથી પડદો ઉઠાવી દીધો હતો. તેને પોતાની સાથે થયેલા દુષ્કર્મ અંગે ઘરવાળાને જાણ કરી દીધી હતી. જેથી કરીને પોલીસે પણ આની યોગ્ય કાર્યવાહી શરૂ કરી હતી.

## પૂર્વ સરપંચ તલાટી કમ મંત્રીનું મોટુ કૌભાંડ છતું થયું, એકાઉન્ટમાં ચેડા કરી લાખો રૂપિયા પડાવ્યા

અમદાવાદઃ બનાસકાંઠા જિલ્લાની છાપી પોલીસે એક ભૂતપૂર્વ સરપંચ અને તલાટી કમ મંત્રી વિરુદ્ધ ફરિયાદ નોંધી છે. જેમણે કથિત રીતે મિલકત વેરાની રસીદો બનાવવી અને રૂ. ૧૯. ૫૫ લાખની ઉચાપત કરી હોવાનો એમાં ઉલ્લેખ કરાયો છે. વડગામના તાલુકા વિકાસ અધિકારી ભૌમિક ચૌધરીએ શુક્રવારે પૂર્વ સરપંચ મોફિક ચૌધરી અને તલાટી-કમ-મંત્રી વિજય ચૌધરી સામે ફરિયાદ નોંધાવી હતી. ચૌધરીએ તેમની ફરિયાદમાં જણાવ્યું હતું કે, સરકારને રફીક બદરા અને સંસાદ લોરિયા દ્વારા ખાતાઓમાં ખોટા વહિવટ થયા હોવાની ફરિયાદ મળી હતી અને આ બાબતે વિગતે તપાસ કરવાનો આદેશ આપ્યો હતો.બંનેએ તેમની ફરિયાદમાં આરોપ મૂક્યા હતા કે વર્ષ ૨૦૧૮-૧૯ના હિસાબના જે પુસ્તકો છે એમાં મિલકત વેરાની રસીદોનો તો ઉલ્લેખ પણ કરાયો નથી. એટલું જ નહીં ઉપરાંત ૨૦૧૯-૨૦ની ચોપડીઓમાં જે હિસાબ કરાયો છે તેની સાથે પણ રકમ મેળ ખાતી નહોતી. આ બંને રસીદો અને ચોપડીઓ કબજે કર્યા પછી તેમાં લગભગ ૧૯.૫૫ લાખ રૂપિયાનો તફાવત જોવા મળ્યો હતો.ત્યારપછી તેમણે વિગતે તપાસ કરવાની પહેલ કરી હતી. આ દરમિયાન ઘણી રકમ છે જે ખાતા સાથે મેળ નહોતી ખાતી. એટલું જ નહીં રસીદોમાં જે રકમ લખવામાં આવી છે તેનું એકાઉન્ટ ટેલી જ નહોતું થઈ રહ્યું. જેના કારણે IPL 406, 409,408, 465, 467, 468, 471, 477 (A), 120 (B) હેઠળ કેસ નોંધી તપાસ શરૂ કરી દેવામાં આવી છે.

## વિદ્યુત સહાયકની પરીક્ષા પાસ કરાવવાના કૌભાંડમાં વધુ ૩ આરોપી ઝડપાઈ ગયા

સુરતઃ રાજ્ય સંચાલિત પાવર ડિસ્ટ્રિબ્યુશન કંપનીઓમાં વિદ્યુત સહાયક (જુનિયર એન્જિનિયર્સ-સિવિલ)ની ભરતી પરીક્ષા પાસ કરાવવાના કૌભાંડમાં ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. ગેંગે ૩૦૦ ઉમેદવારો પાસેથી ૧૦-૧૦ લાખ રૂપિયા લઈને ૩૦ કરોડથી વધુ રૂપિયા લીધા હોવાની વાત સામે આવી છે. ઝડપાયેલા ૩ આરોપીઓમાં એક શિક્ષણ અને એક સોફ્ટવેર એન્જિનિયરનો પણ સમાવેશ થાય છે. ત્રણેયને ૨૯ મે સુધી ક્રાઈમ બ્રાન્ચની કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે.તપાસ દરમિયાન બહાર આવ્યું છે કે લગભગ ૩૦૦ ઉમેદવારોએ ઓનલાઈન પરીક્ષા પાસ કરવા માટે ૮ લાખથી ૧૦ લાખ રૂપિયા આપ્યા છે. વધુ ત્રણની ધરપકડ સાથે કૌભાંડમાં પકડાયેલા આરોપીઓની કુલ સંખ્યા સાત પર પહોંચી ગઈ છે. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ધરપકડ કરાયેલા ૩ લોકોમાં હિંમતનગરનો સલીમ ધાપા, સાબરકાંઠાના તલોદ શહેરના રણાસણમાં રહેતા મનોજ મકવાણા અને ઈડરના દિયોલીમાં રહેતા નિકુંજ પરમારનો સમાવેશ થાય છે.

સલીમ એ શિક્ષક છે જેણે ૩૦ ઉમેદવારો પાસેથી પૈસા લીધા છે, જ્યારે મનોજે ચાર ઉમેદવારો પાસેથી પૈસા લીધા છે. સોફ્ટવેર એન્જિનિયર નિકુંજે ચાર ઉમેદવારો પાસેથી પણ પૈસા લીધા છે. આ આરોપીઓએ પોતાનો હિસ્સો લીધા બાદ મુખ્ય આરોપી ઈન્દ્રવદન પરમારને પૈસાનો એક ભાગ આપ્યો હતો.ઉમેદવારોની વિશાળ સંખ્યાને ધ્યાનમાં લેતા આરોપીઓ દ્વારા એકત્રિત કરવામાં આવેલી રકમ પણ અત્યાર સુધીમાં ૩૦ કરોડને સ્પર્શી ગઈ છે. ઉલ્લેખનીય છે કે, ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ગયા અઠવાડિયે આ રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો, જેણે વરાછામાં સરકાર દ્વારા અધિકૃત પરીક્ષા કેન્દ્રના માલિક બે પરમાર અને મોહમ્મદ ઉવેશ કાપડવાલાની ધરપકડ કરી હતી. ''ફઝ્ન, સ્ફઝ્ન, ક્ષ્ફઝ્ન, ''ફઝ્ન અને ''જીઈન્માં પોસ્ટ માટે ૯ ડિસેમ્બર ૨૦૨૦થી ૬ જાન્યુઆરી ૨૦૨૧ દરમિયાન લેવામાં આવેલી પરીક્ષામાં કુલ ૨૧૫૬ ઉમેદવારોએ હાજરી આપી હતી. પરમાર અને કપડવાલા એ એજન્ટ હતા જેઓ છેતરપિંડી કરીને પરીક્ષા પાસ કરવા માંગતા ઉમેદવારોને શોધતા હતા. તેઓ અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ શહેરમાં આઠ ઓનલાઈન પરીક્ષણ કેન્દ્રોથી કામ કરતા હતા. પરીક્ષાનું પેપર પરીક્ષાર્થીના મોનિટર પર દેખાતું હતું જ્યારે સ્ક્રીન સ્પ્લિટરનો ઉપયોગ કરીને તે જ કેન્દ્રમાં અન્ય કમ્પ્યુટર પર ભાડે રાખેલા 'નિષ્ણાતો' દ્વારા સમાન સ્ક્રીનને એક્સેસ કરી શકાય છે. તેઓએ વાયરલેસનો ઉપયોગ કરીને સાચા વિકલ્પો પર ક્લિક કર્યું હતું.વિદ્યુત સહાયકની ઓનલાઈન પરીક્ષા પાસ કરી દેવાના કૌભાંડમાં વધુ ૪ જણાને ક્રાઈમબ્રાંચે વડોદરા ખાતેથી પકડીને લાવી હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. પકડાયેલા આરોપીઓએ ૬૮ લોકોને પાસ કરાવી ૬.૮૦ કરોડની કમાણી કરી હોવાનું જાણવા મળે છે. પોલીસ હવે વીજ કંપનીઓમાં રૂપિયા આપી પરીક્ષા પાસ કરી નોકરી પર લાગેલા કર્મચારીઓની તપાસ હાથ ધરી છે.

## સીએના ફાઈનલ વર્ષમાં અભ્યાસ કરતો ૨૫ વર્ષનો યુવાન રૂમમાં અભ્યાસ કરતા કરતા અચાનક ઢળી

(એ.આર.એલ),રાજકોટ,તા.૨૮

રાજ્યમાં નાની ઉંમરના યુવાનોમાં હાર્ટએટેક આવવાની ઘટનાઓમાં ધીમે ધીમે વધારો થઈ રહ્યો છે. ત્યારે ફરી એક વખત રાજકોટમાં ફક્ત ૨૫ વર્ષના યુવાનનું હાર્ટએટેકથી મોત નિપજ્યું છે. ઉલ્લેખનીય છે કે નાની ઉંમરમાં હાર્ટએટક આવવાની ઘટના તે ગંભીર વિષય બન્યો છે. સીએનો અભ્યાસ કરનાર યુવાનનું અચાનક મોત નિપજતા પરિવારજનોમાં શોકનો માહોલ સર્જાયો છે. મળતા અહેવાલ પ્રમાણે રાજકોટ શહેરના રૈયા રોડ પર આવેલા આર્ય એવન્યુમાં યુવાન પોતાના ઘરે વાંચન કરી રહ્યો હતો, તે દરમ્યાન તે અચાનક જ ઢળી પડ્યો હતો.

### ૧૦ રાજ્યોમાં આગામી ત્રણ દિવસ વરસાદની આગાહી

## ૧૭ વર્ષ બાદ સતત ત્રણ દિવસ તાપમાનમાં ઘટાડો થયો:જયપુરમાં ૭૦ કિમીની ઝડપે પવન ફૂંકાશે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૮

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે પૂર્વ ઉત્તર પ્રદેશમાં ૨૯ અને ૩૦ મેના રોજ અને ઉત્તર રાજસ્થાનમાં ૨૯ અને ૩૦ મેના રોજ છૂટાછવાયા સ્થળોએ કરા પડવાની શક્યતા છે.ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં છૂટાછવાયા સ્થળોએ ૫૦-૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે તોફાની/તોફાની પવનની સંભાવના છે. ઉત્તરપશ્ચિમ ઉત્તર પ્રદેશમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આઈએમડીએ પણ પૂર્વોત્તર ભારતમાં વરસાદની આગાહી કરી છે. આસામ અને મેઘાલય અને મિઝોરમ અને ત્રિપુરામાં આગામી ૨૪ કલાક દરમિયાન તેજ પવન સાથે વરસાદની સંભાવના છે અને તે પછી ઘટાડો થશે.

આગામી ત્રણ દિવસ દરમિયાન મધ્યપ્રદેશમાં ગાજવીજ, વીજળી અને તેજ પવન સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. આ દરમિયાન પૂર્વોત્તર ભારતમાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન બુલેટિનમાં જણાવ્યું છે કે, આગામી ૨ દિવસ દરમિયાન પશ્ચિમ બંગાળ અને સિક્કિમ, બિહાર અને ઝારખંડમાં ગાજવીજ સાથે હળવા/મધ્યમ વરસાદની સંભાવના છે. હરિયાણાના મોટાભાગના જિલ્લાઓમાં જોરદાર વાવાઝોડા સાથે વરસાદ પડ્યો હતો. ૨૪ કલાકમાં સરેરાશ ૧૧.૫ મિ.મી. નોંધાયેલ વરસાદ સામાન્ય કરતા ૧૮૧૮% વધારે છે. આ દરમિયાન ૦.૬૦ મી.મી. વરસાદને સામાન્ય ગણવામાં આવે છે. દિવસનું તાપમાન સામાન્ય કરતાં ૭.૯ ડિગ્રી ઓછું હતું. જો કે વાવાઝોડાને કારણે ૧૧ જિલ્લામાં ૨૯૪૭ વૃક્ષો અને ૨૧૦૦ વીજ થાંભલા પડી ગયા હતા. મે મહિનામાં અત્યાર સુધીમાં હરિયાણામાં ૩૭.૫ મિ.મી. વરસાદ પડ્યો છે, જે સામાન્ય કરતાં ૧૩૮% વધુ છે. આ સમયગાળામાં ૧૫.૮ મી.મી. વરસાદ સામાન્ય છે.

મોડી રાત્રે મંડી જિલ્લાના પધાર સબ-ડિવિઝનમાં ભારે કરા અને જોરદાર વાવાઝોડાને કારણે, ચૌહરઘાટીના ખેડૂતો અને માળીઓના રોકડિયા પાકો તેમજ ફળોના છોડને ઘણું નુકસાન થયું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યનું તાપમાન હજુ પણ સામાન્ય કરતા ૫ ડિગ્રી ઓછું ચાલી રહ્યું છે. બીજી તરફ, હરિયાણામાં દિવસનું સરેરાશ તાપમાન સામાન્ય કરતાં એક ડિગ્રી ઘટીને ૭.૯ ડિગ્રી ઓછું થઈ ગયું છે. તે ભિવાનીમાં ૩૦.૨ અને સોનીપતમાં ૩૦.૮ પર આવી ગયો. અંબાલામાં સૌથી વધુ ૩૪.૪ ડિગ્રી નોંધાયું હતું.

રાજસ્થાનમાં વધુ એક વિક્ષેપ સક્રિય થઈ રહ્યો છે. આગામી ચાર દિવસ સુધી તોફાન અને વરસાદનું એલર્ટ છે. જયપુરમાં ૭૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. અનેક જિલ્લાઓમાં ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. હવામાન વિભાગનું કહેવું છે કે નવી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે ૨૯ અને ૩૦ મેના રોજ બિકાનેર, જોધપુર, અજમેર, જયપુર, ભરતપુર ડિવિઝનના કેટલાક જિલ્લાઓમાં બપોરના સમયે તીવ્ર વાવાઝોડાં અને જોરદાર વાવાઝોડાની શક્યતા છે. ભોપાલમાં કમોસમી વરસાદ અને ગાજવીજ સાથે વાતાવરણ ઠંડું રહ્યું હતું. ૧૭ વર્ષ બાદ નૌતપામાં આવી સ્થિતિ આવી છે જ્યારે શરૂઆતમાં સતત ત્રણ દિવસ સુધી તાપમાનનો પારો ૪૦ ડિગ્રીથી નીચે રહ્યો હતો. અત્યાર સુધી સિઝનના ત્રણેય મહિનામાં માર્ચ, એપ્રિલ અને મેમાં ૯૩.૩ મિમી વરસાદ નોંધાયો છે. આ સામાન્ય કરતાં ૬૭ મીમી વધુ છે. હવામાનશાસ્ત્રી એકે શુક્લાએ જણાવ્યું કે અગાઉ ૨૦૦૬માં નૌતપાની શરૂઆતમાં સતત ત્રણ દિવસ સુધી પારો ૪૦ ડિગ્રીથી નીચે રહ્યો હતો. ત્યાર બાદ હવે આ સ્થિતિ સર્જાઈ છે. હવામાનશાસ્ત્રી એસએન સાહુએ જણાવ્યું હતું કે શનિવારે દિવસનું તાપમાન ૩૯.૬ ડિગ્રી નોંધાયું હતું. શુક્રવારની સરખામણીમાં તેમાં ૧.૩ ડિગ્રીનો વધારો થયો છે. આ હોવા છતાં, તે સામાન્ય કરતાં ૧ ડિગ્રી ઓછું રહ્યું.

## સેના પ્રમુખ હિસાગ્રસ્ત મણિપુર પહોંચ્યા,કાલથી શાહ મુલાકાતે, ૩૧ સુધી નેટ બંધ રહેશે

(એ.આર.એલ),ઈમ્ફાલ,તા.૨૮

મણિપુરમાં હિંસા અટકતી નથી. પરિસ્થિતિનો તાગ મેળવવા સેનાપ્રમુખ જનરલ મનોજ પાંડે મણિપુર પહોંચ્યા હતા. બે દિવસની મુલાકાતે આવેલા પાંડેએ રાજ્યપાલ અનસુઈયા ઉઈકે, મુખ્યમંત્રી બીરેન સિંહ સહિત અન્ય ટોચના અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી ૨૯મેથી ૩ દિવસની મણિપુરની મુલાકાતે આવી રહ્યા છે. કેન્દ્રીય ગૃહરાજ્યમંત્રી નિત્યાનંદ રાય અહીં પહોંચી ગયા છે. નિત્યાનંદ રાય શનિવારે બિન-કુકી નેતાઓને પણ મળ્યા હતા. રાજ્યમાં ઈન્ટરનેટ પર પ્રતિબંધ ૩૧મે સુધી લંબાવાયો છે. સેનાએ ત્રણ આરએએફ કર્મીઓને તત્કાલ અસરથી સસ્પેન્ડ કર્યા છે. સૂત્રો મુજબ તેના પર કથિતરૂપે દુકાનોમાં આગ લગાવાની કોશિશનો આરોપ હતો.

મણિપુરમાં સુરક્ષા છતાં પણ હિંસા બંધ થવાનું નામ લેતી નથી. તેનાથી વિદેશી તાકાતોનું ષડ્યંત્ર દેખાવા લાગ્યું છે. મ્યાનમારથી સતત વિસ્થાપિતોના રૂપમાં ૫૦ હજારથી વધુ લોકો મિઝોરમ અને મણિપુરમાં ઘૂસ્યા છે. તેમાં કેટલાક ઉગ્રવાદી અને મ્યાનમાર સૈન્ય જુંતા પોષિત આતંકી છે, જેને શોધવા એ મોટો પડકાર છે. કુકી ઉગ્રવાદીઓ એકવાર ફરી સક્રિય થયા છે. શુક્રવારે વિષ્ણુપુરમાં ફાયરિંગ કરતાં એક મંડપ સહિત મૈતેઈયોનાં ૩૦ ઘરોને સળગાવી દીધાં.

NEWS OF GANDHINAGAR_P-3

# ઘી માણસા નાગરિક સહકારી બેંક લિ.ના સુવર્ણ જયંતિ મહોત્સવને સહકાર રાજય મંત્રીશ્રીના હસ્તે ખુલ્લો મુકાયો



ગાંધીનગર : રવિવાર

ઘી માણસા નાગરિક સહકારી બેંક લિ. નો સુવર્ણ જયંતિ મહોત્સવ આજરોજ માણસા ખાતે યોજાયો હતો આ મહોત્સવને સહકાર રાજય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ દીપ પ્રાગટ્ય કરીને ખુલ્લો મૂક્યો હતો.

આ પ્રસંગે સહકાર રાજય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતુ કે, ગુજરાત રાજયનું સહકારી માળખું દેશભરમાં ઉમદા છે. સહકારી માળખાનો વિચાર રજૂ કરનાર સરદાર વલ્લભભાઈ પટેલ હતા. અમૂલ ડેરી આજે સમગ્ર દેશમાં સહકારી માળખાનું ઉત્તમ દષ્ટાંત છે. ગ્રામ્ય અને નાના શહેરોના વિકાસમાં સહકારી બેકોંનું યોગદાન નોંધપાત્ર છે. ઘી માણસા નાગરિક સહકારી બેંક લિ.ની સ્થાપના કરનાર સ્થાપકોને યાદ કરીને તેમણે કહ્યું હતું કે, માણસાના આર્થિક વિકાસમાં આ બેંકનું યોગદાન પ્રસંશનીય છે. તેમણે ઉમેર્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર દેશમાં ગુજરાત રાજયની જેમ સહકારી માળખાના વિકાસ માટે કેન્દ્રમાં સહકાર વિભાગની અલગ રચના કરી છે. તેમજ માણસાના સપૂત અને કેન્દ્રીય ગૃહ મંત્રી સાથે સાથે સહકારી માળખામાં ઉમદા કામગીરી કરનાર અમિતભાઈ શાહને પ્રથમ સહકાર મંત્રી બનાવામાં આવ્યા છે, જે વાત આપણા સૌ માટે ગૌરવની છે. સહકારી માળખાને મજબૂત કરવા અને વધુ લોક ઉપયોગી બને શકે તે દિશા લઈ જવા માટે હજુ પણ આપણે સૌએ કામ કરવાનું છે, તેવું પણ ભારપૂર્વક જણાવ્યું હતું. આ પ્રસંગે ઘી માણસા નાગરિક સહકારી બેંકના ચેરમેન શ્રી ગોવિંદભાઈ પટેલે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરીને બેંક કેવી રીતે ૫૦ વર્ષમાં એક વટવૃક્ષ બની છે, તેની રસપ્રદ માહિતી આપી હતી. તેમજ બેંકની વિવિધ સેવાઓની પણ માહિતી આપી હતી. આ પ્રસંગે ઘી માણસા નાગરિક સહકારી બેંક લિના વિકાસમાં અમૂલ્ય યોગદાન આપનાર સૌ વ્યક્તિઓનું સન્માન પણ મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માણસાના ધારાસભ્ય શ્રી જે.એસ.પટેલ, માણસા નાગરિક સહકારી બેંકના વાઈસ ચેરમેન કનુભાઈ પટેલ, ગુજરાત પોલીસ આવાસ નિગમના પૂર્વ ચેરમેન શ્રી ડી. ડી. પટેલ, ગાંધીનગર જિલ્લા ભાજપના પ્રમુખ શ્રી અનિલ પટેલ, ૪૧ ગામ કડવા પાટીદાર સમાજના પ્રમુખ શ્રી સાંકળચંદ પટેલ, ગુજરાતની વિવિધ સહકારી બેંકના ચેરમેન તથા વાઈસ ચેરમેન, માણસા નાગરિક સહકારી બેંકના ડિરેક્ટરશ્રીઓ અને પૂર્વ ડિરેક્ટરશ્રીઓ સહિત બેંકના સભાસદો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# માહી નાયી એ પોતાના જન્મદિવસ ની ઉજવણી શ્વાનોને બિસ્કીટ તેમજ ચબુતર બનાવી કરી



પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાના વામૈયા ગામે રહેતા અને જીવદયાપ્રેમી શૈલેષકુમાર બાબુલાલ નાયી (પત્રકાર) સામાજીક કાર્યકર ની દીકરી માહી ને તેના જન્મ દિવસ નિમિત્તે પોતા ના ઘર આંગણે પક્ષી ઓ માટે ચબૂતરો અને પાણી ના કુંડા લગાવી તેમજ વૃક્ષો વાવી પોતાના જન્મ દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી

આ પ્રસંગે શૈલેષ નાયી (પત્રકાર) એ જણાવ્યું હતું કે ઉનાળામાં પક્ષીઓ ને પાણી અને દાણા ચણ મળી રહે તે માટે મારી દીકરી માહી ને તેના જન્મ દિવસ ના દિવસે પક્ષીઓ માટે ચબૂતરો અને પાણી ના કુંડા તેમજ વૃક્ષો વાવી પરીવાર સાથે ઉજવણી કરી હતી

શૈલેષ નાયી ને તેમની દીકરી માહી એ કહ્યું હતું કે પપ્પા મારે મારા જન્મ દિવસે કેક કાપી ને ઉજવણી નથી કરવી પણ મને મારા જન્મ દિવસે શ્વાનો ને બિસ્કીટ ખરાવી તેમજ એક પક્ષીઓ માટે ચબૂતરો અને પાણીના કુડા અને વૃક્ષો લાવી આપજો મારે શ્વાનો ને બિસ્કીટ ખરાવી અને પક્ષીઓ માટે ચબૂતરો અને પાણી ના કુંડા તેમજ વૃક્ષો વાવી ને મારા જન્મ દિવસ ની ઉજવણી કરવી છે અને મારા ગલ્લા મા ભેગા કરેલા પૈસા તમને આપુ છું તેમા થી પક્ષીઓ માટે ચબૂતરો અને પાણી ના કુંડા તેમજ વૃક્ષો લોવજો ત્યારે માહી ને તેનો ગલો ફોડી ને ૨૦૦૦ રૂપિપા શૈલેષભાઈ ને આપ્યા હતા તેમાથી શૈલેષભાઈ નાયી (પત્રકાર) ને પક્ષીઓ માટે ચબૂતરો અને પાણી ના કુંડા તેમજ વૃક્ષો અને શ્વાનો માટે બિસ્કીટ દીકરી માહી ને લાવી આપ્યા હતા અને પરીવાર સાથે શ્વાનો ને બિસ્કીટ ખરાવીને તેમજ ચબૂતરો અને પાણીના કુંડા લગાવી તેમજ વૃક્ષો વાવી ઉજવણી કરી હતી અને માહી ને જન્મ દિવસ ની શુભેચ્છાઓ પાઠવી હતી.

**રિપોર્ટર નિખીલ જોષી પાટણ બ્યુરો**

### અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૧૧૨ મુ અંગદાન

# બ્રેઈનડેડ મુકેશભાઈ રાણાના અંગદાનથી ત્રણ જરૂરિયાતમંદોને નવજીવન



અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૧૧૨ મુ અંગદાન થયું છે. રાજકોટના ૩૦ વર્ષીય મુકેશભાઈ રાણા પરિવાર સાથે બાઈક પર મુસાફરી કરી રહ્યા હતા આ દરમિયાન તેમને માર્ગ અકસ્માત સાંપડ્યો. પત્ની અને પુત્રને પણ ઈજાઓ પહોંચી. મુકેશભાઈના માથાના ભાગમાં ગંભીર ઈજા હોવાથી રાજકોટથી સઘન સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા. અહીં તબીબોના અથાગ પ્રયત્ન અને સઘન સારવારના અંતે ૨૭ મે ના રોજ તેઓને બ્રેઈનડેડ જાહેર કરાયા. જાહેર થયા ત્યારે તેમના પત્ની રાજકોટની હોસ્પિટલમાં સારવાર મેળવી રહ્યા હતા. ત્યારે અમદાવાદ સિવિલ હોસ્પિટલના મેડિકલ ઓફિસર ડોક્ટર તીર્થ અને અંગદાનની સેવાકીય પ્રવૃતિ સાથે સંકળાયેલા દિલીપ દેશમુખ( દાદા ) એ અમદાવાદથી રાજકોટ પ્રવાસ ખેડી તેમના પરિવારજનો સમક્ષ પહોંચ્યા. મુકેશભાઈ ના બ્રેઈનડેડ થયાનો સમગ્ર ચિતાર રજુ કરીને તેઓને અંગદાન અંગેની સમજ આપી.હ્રજેનાથી પ્રેરણા લઈ રાણા પરિવારે એક જૂથ થઈને મુકેશભાઈના તમામ અંગોનુ દાન કરવાનો નિર્ણય કર્યો. અંગોના રીટ્રાઈવલની સમગ્ર પ્રક્રિયાના અંતે બે કિડની અને એક લીવરનુ દાન મેળવવામાં સફળતા મળી છે. સિવિલ સુપ્રીટેન્ડન્ટ ડૉ. રાકેશ જોષીએ જણાવ્યું કે, સમગ્ર રાજયમાં પ્રવર્તેલી અંગદાનની જનજાગૃતિના પરિણામે આજે રાજ્યમાં અંગદાનની સેવાકીય પ્રવૃતિ વેગવંતી બની છે.અંગદાનની સેવાકીય પ્રવૃત્તિમાં સહાયક તરીકે અમારી પડખે ઉભેલા દિલીપભાઈ દેશમુખ (દાદા) નો અંગદાનના સેવાકીય કાર્યની સુવાસ રાજ્યભરમાં પહોંચાડવામાં મહત્વનો ફાળો રહેલો છે.

## વિહળધામ પાળીયાદ સંચાલીત શ્રી વિહળ ઈન્ટરનેશનલ વિદ્યાપીઠ સ્કુલનું પરિણામ ૯૪.૮૪%

સૌરાષ્ટ્ર ની જગ વિખ્યાત દેહાણ પરંપરા ની પરમ પૂજ્ય શ્રી વિસામણ બાપુ ની જગ્યા વિહળધામ પાળીયાદ સંચાલીત શ્રી વિહળ ઈન્ટરનેશનલ વિદ્યાપીઠ સ્કુલ નું આજ રોજ તા.૨૫/૫/૨૦૨૩ ને ગુરુવાર ના રોજ SSC માર્ચ ૨૦૨૩ નુ પરિણામ જાહેર થયેલ જેમાં શ્રી વિહળ ઈન્ટરનેશનલ વિદ્યાપીઠ ની વિધાર્થીની પટેલ શ્લોકા પીક્રેશભાઈ છ૧ ગ્રેડ સાથે બીઝીક ગણિત મા ૧૦૦/૧૦૦ તથા ૯૯.૯૯ PR સાથે સમગ્ર ગુજરાત રાજ્ય અને બોટાદ જિલ્લા મા પ્રથમ અને જેમણે શાળા તથા પરીવાર નું નામ રોશન કરેલ છે...તેમજ આ શ્રી વિહળ ઈન્ટરનેશનલ વિદ્યાપીઠ મા ધોરણ ૧૦ મા અભ્યાસ કરતા અન્ય ત્રણ વિધાર્થીઓ ચાવડા પ્રિન્સ ૯૯.૯૧ PR À1 ગ્રેડ સાથે બોટાદ જિલ્લા મા તૃતીય , વાઘેલા તીર્થ ૯૯.૬૯ PR A1 ગ્રેડ અને રાઠોડ માનસ ૯૯.૩૩ PR À1 ગ્રેડ સાથે સર્વ શ્રેષ્ઠ પરીણામ પ્રાપ્ત કર્યું છે...

આ તમામ વિધાર્થીઓ પર ભગવાન શ્રી રાઘવેન્દ્ર સરકાર ના ઠાકર શ્રી વિહળાનાથ ના તેમજ મહંત શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર નિર્મળાબા ના આશીર્વાદ સદાય આમજ વરસતા રહે તથા એમના વાલીગણ ને પણ શ્રી વિહળ ઈન્ટરનેશનલ વિદ્યાપીઠ તરફથી ખુબ ખુબ અભિનંદન પાઠવેલ...

**અહેવાલ કનુભાઈ ખાચર**

# નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર ધ્વારા સમર સાયન્સ ટેલેન્ટ વર્કશોપ યોજાયો



ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલૉજી વિભાગ,ગુજરાત સરકાર પ્રેરિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર,ગાંધીનગર દ્વારા દર વેકેશનમાં વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક સમજ વિકસે તથા તેમનું કૌશલ્ય ખીલે તે હેતુથી સાયન્સ ટેલેન્ટ વર્કશોપ નું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ સમર સાયન્સ ટેલેન્ટ વર્કશોપનું આયોજન ૧૨ મેં થી ૨૮ મેં સુધી કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓની રસ અને રુચીને ધ્યાનમાં લઈને વિવિધ વર્કશોપ જેવા કે મોડેલ રોકેટરી, એરોમોડેલિંગ - એરોપ્લેન મોડેલ મેકિંગ રોબોટીક્સ,ડ્રોન મેકિંગ ,સાયન્ટીફીક રમકડા-ટોય મેકિંગ,સાયન્સ મેજીક,ફન વિથ ફીઝીક્સ, ફન વિથ કેમેસ્ટ્રી, ઓરીગામી, બેઝીક ઈલેક્ટ્રોનીક્સ, હાઈડ્રોપોનિક્સ, મોડેલ મેકિંગ, હોલોગ્રામ વર્કશોપ, સાયબર સિક્યોરીટી, ડી.આઈ.વાય વર્કશોપ, સ્ટેમ વર્કશોપ , વી.આર. મોડેલ,૩-D પ્રિન્ટર, આર્ટીફીસીયલ ઈન્ટેલીજન્સ, સ્કીલ ડેવલોપમેન્ટ, જેવા જુદા જુદા વિષય પર તજજ્ઞો ધ્વારા વિદ્યાર્થીઓને પ્રેક્ટીકલ નિદર્શન ધ્વારા રચના,કાર્ય પદ્ધતિ અને સિદ્ધાંતો વિષે સમજ આપવામાં આવી હતી. વર્કશોપમાં ૬૦ જેટલા વિદ્યાર્થી જોડાયા હતા. તેમજ રાત્રે સાયન્સ આધારિત ફિલ્મોનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું. ભાગ લીધેલ તમામ વિદ્યાર્થીઓને વર્કશોપમાં જોડાવવા બદલ પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. વર્કશોપને સફળ બનાવવા શિવાંગ પટેલ અને હાર્દિક ભટ્ટ ધ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

## બોરખડા મહાદેવ, કરબટીયા ગામ, વડનગર, મહેસાણા,ગુજરાત. આધ્યાત્મ થી શક્તી સેલ્ફ ડિફેન્સ અને મેન્સ્ટ્રુઅલ કપની તાલીમ કેમ્પ



આધ્યાત્મ થી શક્તી પાંચ દિવસની આ શિબિર મા ગામની ૩૦૦ દિકરીઓને સેલ્ફ ડિફેન્સ અને મેન્સ્ટ્રુઅલ કપની તાલીમ આપી મેન્સ્ટ્રુઅલ કપ ભેટ આપવા મા આવી રહ્યા છે. આ ઉપરાંત બોરખલા મહાદેવ મંદિર મા અમદાવાદ થી શીબીર મા આવેલ ૧૨ થી ૧૫ વર્ષની ૯ દિકરીઓ ગૌસેવા, આધ્યાત્મ, ભરતનાટ્યમ નૃત્ય અને રસોઈ ની તાલીમ પણ લઈ રહી છે. આવી તાલીમ દિકરીઓમા આત્મ વિશ્વાસ વધારવા અને ભારતીય સંસ્કૃતિના મૂલ્યોને જીવંત રાખવામા મદદરૂપ થાય છે. ધર્મ ની જ્યોત દિલમા હોય તો માનવીને માનવ બની રહેવામા સહાયક બને છે. આધ્યાત્મ થી શક્તી આ શિબિરના સહયોગી સમર્થ ડાયમંડ ગૃપ,વિસનગર ના શ્રી ગોવિંદભાઈ પટેલ, સીનીયર સિટીઝન કાઉન્સિલ વિસનગર ના ડૉ જે.એન.ઝવેરી અને બોરખડા મહાદેવ મંદિર ના દાસ રાકેશબાપુ છે.આ શિબિર ના આયોજક કલાસૂર્ય ફાઉન્ડેશન ના સંગીતા પટેલ છે. આવી શિબિરો સનાતન ધર્મ, સંસ્કાર અને આપણી સંસ્કૃતિને જીવંત રાખી રહી છે તથા બાળાઓને વિરાંગના બનાવી રહી છે.

## ચાણસ્મા- બહુચરાજી રોડ પર એક એવું મંદીર જ્યા પ્રસાદી સ્વરૂપે ચડે છે પાણી ની બોટલ




ગુજરાત રાજ્ય ની અંદર વિવિધ દેવી દેવાતા ઓ ના મંદિરો આવેલા છે જ્યા પ્રસાદ સ્વરૂપે અલગ અલગ વસ્તુઓ ચડતી હોય છે તેમાંનું ગુજરાત રાજ્ય માં એક એવું મંદીર છે જ્યા પ્રસાદી સ્વરૂપે પાણીની બોટલ ચડાવાય છે. ચાણસ્મા થી બહુચરાજી જતા વડાવલી ગામ નજીક બાળ પૂર્વજ મહારાજો નું મંદીર બનાવેલુ છે જ્યા શ્રધ્ધાળુઓ દ્વારા પોતાની મનોકામના પૂર્ણ થતા પ્રસાદી સ્વરૂપે પાણી ની બોટલો ચડાવાય છે ત્યારે આ બાળ પૂર્વજોની લોક મુખે ચર્ચાતી માન્યતા મુજબ વાત કરીયે તો ઉનાળા ની રૂતુ હતી તેમજ લગ્ન સીઝન ચાલી રહેલ હોઈ તેથી બહુચરાજી તાલુકા ના ગુંજાળા ગામાંથી જાન ચાણસ્મા તાલુકા ના રામપુરા ગામે આવી રહી હતી ત્યારે ચાણસ્મા તાલુકાના વડાવળી ગામ નજીક ભયંકર અકસ્માત સર્જાયો હતો જેમાં બે જેટલા બાળકો ના કમકમાટી ભર્યા મોત થયા હતા ત્યારે આ બાળકો ઉનાળાની કાળઝાળ ગરમીમાં પાણી પાણી નો અવાજ પોકારતા મોત થયા હતા ત્યારથી અહીં ચાણસ્મા ના વડાવળી ગામ નજીક રોડ પર ઈંટો ની ડેરી કરી શ્રદ્ધાળુઓ તેમજ રાહદારીઓ દ્વારા બાળ પૂર્વજોની પુજા અર્ચના કરી તેમની મનોકામના પૂર્ણ થતા પ્રસાદ સ્પરૂપે પાણી ની બોટલો ચડાવાય છે.

**રિપોર્ટ નિખીલ જોષી પાટણ બ્યુરો**

# વિશ્વઉમિયાધામમાં પધારી દિવ્યતાની અનુભૂતિ થઈ, પટેલો સનાતનનો પ્રચાર કરતા રહો: ધીરેન્દ્ર શાસ્ત્રી



અમદાવાદના જાસપુર ખાતે વિશ્વનું સૌથી ઊંચામાં ઊંચું જગત જનની મા ઉમિયાનું મંદિર વિશ્વઉમિયાધામનું કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યુ છે. ત્યારે મધ્યપ્રદેશના બાબા બાગેશ્વરધામના મહંત અને સનાતન ધર્મના પ્રચારક પૂજ્ય ધીરેન્દ્ર શાસ્ત્રીજીએ અમદાવાદના જાસપુર ખાતે વિશ્વઉમિયાધામમાં મા ઉમિયાને શીશ ઝુકાવ્યું છે. સંસ્થાના પ્રમુખ શ્રી આર.પી.પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ બાબા બાગેશ્વરના વિશ્વઉમિયાધામની મુલાકાત અંગે વાત કરતા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના ઉપપ્રમુખશ્રી ડી.એન ગોલ અને દિપકભાઈ પટેલ જણાવે છે કે ધીરેન્દ્ર શાસ્ત્રીજીએ વિશ્વના સૌથી ઊંચામાં ઉંચા જગત જનની મા ઉમિયાના મંદિરનું શિલાપૂજન પણ કર્યું હતું. મા અંબાના દર્શન કર્યા બાદ ધીરેન્દ્ર શાસ્ત્રીજી જગત જનની મા ઉમિયાની પુજા અને આરતી કરી હતી. વિશ્વઉમિયાધામના મા ઉમિયાની પુજા-અર્ચના કરી પધારેલા ભક્તોને બાબા બાગેશ્વરે આશીર્વચન આપ્યા હતા. ધીરેન્દ્ર શાસ્ત્રીજીએ વિશ્વઉમિયાધામમાં સંબોધન કરતા કહ્યું કે મા ઉમિયા પાટીદાર સમાજના કુળદેવી માતાજી છે. તમારા પર માતાજીની કૃપા વરસે તેવી મંગલ કામના છે. જગત જનની ભગવતી મા ઉમિયાના ધામમાં આવીને ઘણી દિવ્યતાની અનુભૂતિ થઈ. આખા ગુજરાતનો પટેલ સમાજ સનાતન સંસ્કૃતિનો આવો જ પ્રચાર કરે એવી મંગલકામના છે. અમદાવાદના પૂરા સમાજ પર બાગેશ્વર બાલાજી મહારાજની કૃપા રહે તેવી પ્રાર્થના છે. વધુમાં બાબા બાગેશ્વરે વિઝિટર બુકમાં લખ્યું કે અહીં આવીને ખુબ જ પ્રસન્નતા થઈ છે. દિવ્ય પટેલ સમાજને જગત જનની મા ઉમિયા માતાજીનો દરબાર આખા દેશને ઉન્નતિ આપે. હું ફરી એકવખત વિશ્વઉમિયાધામ પધારી કથા કરીશ.. ધવલ માંકડિયા. કાનવિનર મીડિયા વિભાગ(વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન)

## ભેળસેળીયા તત્વો વિરુદ્ધ કાયદાને મજબૂત બનાવો,સુરતના ધારાસભ્ય કુમાર કાનાણીનો સીએમને પત્ર લખ્યો

(એ.આર.એલ),સુરત,તા.૨૮

ગુજરાતમાં ભેળસેળીયા તત્વો વિરૂદ્ધ કડક કાર્યવાહી માટે કાયદાને વધુ મજબૂત બનાવવામાં આવે. સુરત ભાજપના ધારાસભ્ય કુમાર કાનાણીએ મુખ્યપ્રધાનને આ માગ સાથે રજૂઆત કરતો પત્ર લખ્યો છે.તાજેતરમાં જ સુરત આરોગ્ય વિભાગે ખાદ્ય સામગ્રીના નમૂના લેબ તપાસ માટે મોકલ્યા હતા.આ નમૂના ફેઈલ જતાં હવે ધારાસભ્ય એક્શનમાં આવ્યા છે.

ધારાસભ્ય કુમાર કાનાણીએ ભૂપેન્દ્ર પટેલને પત્ર લખીને કાયદાને વધુ મજબૂત કરવાની માગ કરી છે.ધારાસભ્યનો દાવો છે કે હાલનો કાયદો નબળો છે.જેના કારણે ભેળસેળીયા તત્વોને મોકળુ મેદાન મળી રહ્યું છે.મહત્વપૂર્ણ છે કે પનીર, આઈસક્રિમ, ગોળાનો રંગ અને પીઝાના નમૂનાનો રિપોર્ટ ફેઈલ થયો હતો. ઉલ્લેખનીય છે કે કુમાર કાનાણી અગાઉ અનેકવાર લેટર બોમ્બ દ્વારા પ્રજાલક્ષી મુદ્દાઓ ઉઠાવી ચૂક્યા છે.કુમાર કાનાણીના લેટર બોમ્બ પર નજર કરીએ તો સુરત મનપાના અધિકારીઓની કામગીરી સામે કાનાણી સવાલો ઉઠાવી ચૂક્યા છે,તો કતારગામ સહિતના વિસ્તારમાં સ્લીપિંગ બસ ચાલુ કરવા ઝસ્ને પત્ર લખ્યો હતો. ભારે વાહનોના કારણે પડતી મુશ્કેલી અંગે ટ્રાફિક ડીસીપીને પત્ર લખ્યો હતો. ખાડીની સમસ્યાને લઈને કુમાર કાનાણીએ આંદોલનની ચીમકી આપી હતી. અધિકારીઓની નિષ્ક્રિયતા સામે સોશિયલ મીડિયામાં અનેકવાર રોષ ઠાલવતા રહ્યા છે.વિદેશ ભણવા જતા વિદ્યાર્થીઓને સમયસર લોન અપવા CMને પત્ર લખ્યો હતો . તો ટ્રાફિક પોલીસ બેફામ દંડ લેતી હોવાના આરોપ સાથે ગૃહપ્રધાન હર્ષ સંઘવીને પત્ર લખ્યો હતો,,,જયારે વરાછામાં દબાણ હટાવવાની કામગીરી અટકાવવા પણ ધારાસભ્ય દોડી ગયા હતા.

## વડોદરામાં સરેરાશ ૩ અકસ્માતે એક વ્યક્તિ જીવ ગુમાવે છે, સ્પીડ ગનનો ઉપયોગ જરૂરી

(એ.આર.એલ),વડોદરા,તા.૨૮

ગુજરાતના વસ્તી-વિસ્તારમાં સૌથી મોટા ચાર શહેરો અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં એક જ વર્ષમાં માર્ગ(વાહન) અકસ્માતમાં કેટલા લોકોએ જીવ ગુમાવ્યો છે તેનો એક અહેવાલ કેન્દ્ર સરકારના પરિવહન મંત્રાલય દ્વારા ડિસેમ્બર-૨૦૨૨માં પ્રકાશિત થયો છે. પૂરપાટ ઝડપે જતા વાહનોથી ૨,૭૯૧ અકસ્માતો થયા છે, જેમાં ૯૫૮ લોકોએ દમ તોડી દીધો હતો. વડોદરા શહેરમાં ૨ વર્ષમાં જ ૨૯૯ મોત થયા છે,, જ્યારે ૭૫૭ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. દેશના ૧૦ લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં રસ્તા પર થતાં વાહન અકસ્માતો વિશેના રાષ્ટ્રીય અહેવાલ મુજબ રાજ્યના ચારેય મહાનગરોમાં ઓવર સ્પીડથી જતા વાહનથી થતાં દર ૩.૧૭ અકસ્માતમાં વડોદરામાં એક મોત થાય છે.

## ચાણસ્મા સહિત પંથકમા ગાજવીજ સાથે વરસાદ



આજ રોજ સાજ ના સુમારે સમગ્ર ચાણસ્મા શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ગાજ વિજ સાથે ધીમી ધારે વરસાદ પડતા ઉકળાટ મા થંડક પ્રસરી હતી. છેલ્લા કેટલાક સમયથી ભારે ઉકળાટ બાદ આજ પાટણ. બનાસકાંઠા સહિત વરસાદ ની આગહી ને પગલે સાજ ના સુમારે ચાણસ્મા શહેર સહિત ગાજ વિજ સાથે વરસાદ પડતા વાતાવરણ મા થંડક પ્રસરી હતી.

**રિપોર્ટર નિખીલ જોષી પાટણ બ્યુરો**

## ફોટો ગેલેરી




NEWS OF GANDHINAGAR_P-4

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.